**Only for absent examinees:** Cut only this front page with the 'bar code' from the answer book and return with form A and form B.

**A few of the questions in this Pre-Test Paper will be asked in the Final Exam on 4 March 2012.**

BOCHASANWASI SHRI AKSHAR PURUSHOTTAM SWAMINARAYAN SANSTHA

## SATSANG EXAMINATIONS

# PRE-TEST: SATSANG PRAVESH 1

**JANUARY 2012** **Time: 9.00 to 11.15 am** **Total Marks: 75**

**For absent examinees, please return this sheet only.**

☞ **Please do not damage in any way the 'bar code' printed above.**

| For Moderation Dept. | Question No. (Marks) | Marks Obtained |
|---|---|---|
| | 1 (9) | |
| | 2 (6) | |
| | 3 (5) | |
| | 4 (5) | |
| | 5 (4) | |
| | 6 (4) | |
| Section-1, Total Marks (33) | | |

| For Moderation Dept. | Question No. (Marks) | Marks Obtained |
|---|---|---|
| | 7 (9) | |
| | 8 (4) | |
| | 9 (5) | |
| | 10 (4) | |
| | 11(6) | |
| | 12 (4) | |
| Section-2, Total Marks (32) | | |

| For Moderation Dept. | Question No. (Marks) | Marks Obtained |
|---|---|---|
| Section-3, Total Marks | | |
| | 13 (10) | |

**Compulsory: To be filled by Examinee only**

Birthdate of Examinee D D M M Y Y Y Y

Education of Examinee ........................................................

Class Supervisor should only sign after checking the printed personal details and the compulsory written details above.

Signature of Class Supervisor ...............................................

**Paper Checker's Signature**

**(Signed only after marks awarded)**

.......................................

**મોડરેશન વિભાગ માટે જ**

ગુણ શબ્દોમાં . . . . . . . . . .

ચેકર - નામ

☞ **Please carefully read the following instructions:**

1. On the day of the Final Satsang Examinations, all examinees should obtain the signature of the class supervisor on the answer sheet bearing their own personal details only.
2. Answer books without the signature of the class supervisor will **not** be considered **valid.**
3. Figures given on the right hand side indicate the marks for that question.
4. Follow the instructions while answering. Answers crossed out will not be considered valid.
5. In Main Exam answers written on extra pages will not be considered valid.
6. **Write your answers with either a blue or black pen. Answers written in pencil, or with a red, green or any other coloured pen will not be considered valid. Answers written in more than one coloured ink will not be considered valid.**
7. Without the prior permission of the Pariksha Karyalay in Ahmedabad, answer papers written by substitute writers in place of the original candidate will not be accepted. Answer papers with more than one type of handwriting will not be accepted.
8. Examinations taken at **unauthorized locations** or in which the exam rules have been violated will not be considered valid.

## SECTION 1: NILKANTH CHARITRA - 6th Edition, December 2010

**Q.1. In the sentences below, state who is speaking to whom and when. (9)**

1. "Atmanand Swami was a vachansiddh and a true sadguru."

   Who is speaking? ............................................ To whom? ...........................................

   When? ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................

2. "Today, I have offered you the seat of this fellowship."
3. "Get out of here; otherwise we shall beat you and drive you out."

**Q.2. Give reasons for the following (two to three lines each). (6)**

1. Kalbhairav's head sank into his trunk.

   ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................

2. Jairamdas's whole village wore a forlorn look.
3. The mahant of the hermitage of the Shripur village invited NilkanthVarni inside the ashram.

**Q.3. Write short notes on any <u>ONE</u> of the following. (In 15 lines.) (5)**

1. Mohandas meets Nilkanth
2. Intense Austerities at Pulhashram
3. Significance of Nilkanth's travels

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

..........................................................................................................................

**Q.4. Answer ALL of the following, using one sentence (not just one word) for each answer. (5)**

1. How did Lakho's heart became unburdened?

   ..........................................................................................................................

   ..........................................................................................................................
2. What message did Ramanand Swami send through Mayaram Bhatt?
3. Which vrat (virtue) was Nilkanth Varni observing?
4. What was Gopalanand Swami convinced of internally?
5. What did the gardener of Manaspur do every day?

**Q.5. From the given options, place a tick (✔) in the box next to the correct ones. (4)**

**Note: One or more of the options may be correct. Full marks will be awarded only if all the correct options are chosen, otherwise no marks will be awarded.**

1. Ila and Sushila lived in

   (1) ☐ Vansda

   (2) ☐ Vanshipur

   (3) ☐ Shripur

   (4) ☐ Kathmandu
2. Signs on NilkanthVarni's right foot

   (1) ☐ Swastik (2) ☐ Dhanushya

   (3) ☐ Vyom (4) ☐ Ankush

**Q.6. Fill in the blanks. (4)**

1. Nilkanth Varni asked ...................... to show him the way to Pulhashram.
2. In Junagadh at the Gaumukhi Ganga Nilkanth Varni gave the bawas darshan in the form of ......................
3. Ramanand Swami described Nilkanth Varni as greater than even .............................
4. Sevakram did not have the quality of..............................

## SECTION 2: SATSANG READER 1 - 5th Edition, May 2008

**Q.7. In the sentences below, state who is speaking to whom and when. (9)**

1. "I will give you a room. Please stay here."

   Who is speaking? ............................................... To whom? ............................................

   When? ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................
2. "Go call Shukmuni. I want to write a letter."
3. "The body appears charming because of the soul within."

**Q.8. Give reasons for the following (two to three lines each). (4)**

1. Devidan's mind became constantly drawn towards devotion.

   ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................

   ..........................................................................................................................
2. Abhel Khachar's doubts were cleared.

**Q. 9. Write short notes on** 'Jhinabhai stopped speaking to his sister' **(in 15 lines).** **(5)**

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

..............................................................................................................................................

**Q.10. Answer ALL of the following, using one sentence (not just one word) for each answer. (4)**

1. Why was Ashabhai sad in Dakor?

   ..............................................................................................................................

   ..............................................................................................................................

2. In Devanand Swami's kirtan what is emphasized more?
3. Thinking of Bhagatji, why did Jethabhai offer dandvats on the outskirts of Mahuva village?
4. Whom did Jivuba take along with her for the darshan of the manifest form of God?

**Q.11 Select the SIX correct sentences from below and write them in the correct story sequence in the boxes. (6)**

**Topic : Shastriji Maharaj tests Ashabhai**

**1.** Swamishri told the brothers, "You are as rich as the businessmen of Delhi, therefore you have to complete this mandir." **2.** Shastriji Maharaj remarked, "This is an obstacle in our work." **3.** Ashabhai, choked with emotion, replied, "How could I ever let such an opportunity pass?" **4.** Shastriji Maharaj asked Ashabhai for the money for the murtis of Bochasan mandir. **5.** Ashabhai and Ishwarbhai worked hard on their farms but were often struck by natural calamities that left them at loss. Yet, they never prayed to Swamishri to solve their problems. **6.** Ashabhai had purchased farm lands in Udepur. **7.** Motibhai said, "No one else could have done such service in this time of calamity." **8.** Ashabhai told Motibhai to get the necessary amount for the murtis from a nearby money lender. **9.** As the murti-pratishtha of Sarangpur mandir was fast approaching, Swamishri came to Radhu. **10.** When the fire started in Radhu, Swamishri and Ashabhai were in Purushottampura. **11.** With no belongings left, Ashabhai and his family had to ask for khichdi to eat from Radhu. **12.** Ashabhai was originally from Padra near Vadodara.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **(1)** | **Write the correct sentence numbers** | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |
| **(2)** | **Correct sequence of sentences** | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

**Note: (1) 3 marks will be awarded in the correct sentence number only if all the six sentence numbers are correct and (2) 3 marks will be awarded only if all the sequence of sentence numbers is correct. Otherwise no marks will be given.**

**Q.12. Rewrite the incorrect sentences below in relation to the sentence heading. (4)**

**Note: Marks will be awarded only if a sentence is written completely correctly. Otherwise no marks will be awarded.**

**Example: Swami Yagnapriyadasji:** While wandering on the farm, Motibhai's son, Jethabhai, was bit by a scorpion and went to dham. Then he came with Shriji Maharaj and bid "Narayan" to Motibhai.

**Ans. Swami Yagnapriyadasji:** Once, While **working in the pasture**, **Ashabhai**'s son, **Desaibhai**, was bit by a **snack** and Desai soon passed away. Then he came with **Bhagatji Maharaj** and said "**Jai Swaminarayan**" to **Ashabhai**.

1. **Sadguru Brahmanand Swami:** At the request of Muktanand Swami, Brahmanand Swami went to Junagadh to carry on further studies in Sanskrit. There, he studied in the ashram of Mahidar Shastri, a profound scholar of Sanskrit and an adherent of the Vedant philosophy.

A. ..............................................................................................................

..............................................................................................................

2. **Bhaktaraj Shri Jhinabhai Darbar:** Shriji Maharaj said, “Jhinabhai gave his shoulder to lift Padmashi Vanjha’s cot, and so I gave my shoulder to lift Jhinabhai today. With Jhinabhai’s bier in hand, I walked four times the number of steps that Jhinabhai had walked.
3. **Sadguru Devanand Swami:** Bhaya Khatan, a devotee, quickly brought a bowl of milk and khichdi for Shriji Maharaj. Shriji Maharaj sat on a pile of grass and began to eat.
4. **Swami Nirgundasji:** Jetha Bhagat took bhagwati diksha during the Fuldol celebration of VS 1962 at the hands of Acharya Viharilalji Maharaj of Vartal. Jetha Bhagat’s new name was ‘Nirgundas Swami’.

## SECTION 3: ESSAY

**Q.13. Write an essay on any ONE of the following. (In approximately 30 lines.) (10)**

1. The Fire of Anger and How to Control It
   (Swaminarayan Prakash (Gujarati), June 2009, pp. 14-19).
2. B.A.P.S. Helps Transformation of Tribal Families
   (Swaminarayan Prakash (Gujarati), April 2011, pp. 18-27)
3. Pinnacle of Saintliness: Pramukh Swami Maharaj
   (Swaminarayan Prakash (Gujarati), December 2009, pp. 4-6, 9, 13).

( ) ..............................................................................................................

..............................................................................................................

☞ **Essays (ગુજરાતી ભાષામાં) are shown in the following pages**

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

✲ ✲ ✲

આગામી વર્ષે ૪ માર્ચ, ૨૦૧૨ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષાની પૂર્વતૈયારી માટે મુકાતા **પ્રી-ટેસ્ટના સંપૂર્ણ પ્રશ્નપત્રો હંમેશ મુજબ જાન્યુઆરીમાં (1st January, 2012ના રોજ) મુકાશે.** નિબંધ એ સામાન્ય જ્ઞાન સહિત મુક્ત વિષય હોય છે, જે અભ્યાસક્રમના પુસ્તકોમાંથી પૂછાતા નથી. આથી પરીક્ષાર્થીઓ નિબંધની તૈયારી સારી રીતે કરી શકે તે હેતુસર આપણે વહેલાસર ફક્ત તે યાદી આપની સમક્ષ મૂકી છે.

## પ્રી-ટેસ્ટના નિબંધોની યાદી

### પ્રવેશ : ૧ :

૧. ક્રોધની જ્વાળા અને તેની જડીબુટ્ટી (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૧૪ થી ૧૯)

૨. બી.એ.પી.એસ. દ્વારા આદિવાસી પરિવારોમાં પરિવર્તન (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - ૨૦૧૧ પા.નં.૧૮થી૨૭)

૩. સાધુતાનું શિખર : પ્રમુખસ્વામી (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૦૯, પા.નં. ૪ થી ૬, ૯ થી ૧૩)

પરીક્ષાર્થી શ્રી,
સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ

**સત્સંગ શિક્ષણ પરીક્ષા માર્ચ ૨૦૧૨ના નિબંધોની પૂર્વ તૈયારી માટે નીચે જણાવેલ માર્ગદર્શન અને સૂચનો ધ્યાનમાં લેવા વિનંતી.**

૧. નિબંધ એટલે કોઈ નિશ્ચિત વિષય ઉપર વ્યવસ્થિત, ચિંતનપૂર્વક અને મુદ્દાસરનું લખાણ. સત્સંગ શિક્ષણ પરીક્ષામાં પૂછાતા નિબંધો સામાન્ય જ્ઞાનના આધારે, પરીક્ષાર્થીના દૈનિક જીવનમાં સત્સંગના સદ્વાંચન અને કથા શ્રવણ અને મનન દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાનની કસોટી કરતા ૩૫ થી ૪૦ લીટીમાં લખવાના હોય છે.

૨. પરીક્ષાર્થીઓની માગણીને માન આપીને આ વર્ષે પ્રી-ટેસ્ટમાં પૂછાનાર નિંબધોના વિષયો છ માસ અગાઉથી પરીક્ષાર્થીના એકાઉન્ટમાં અપલોડ કરવામાં આવ્યા છે.

૩. પ્રી-ટેસ્ટમાં જે તે પરીક્ષામાં પૂછાનાર નિબંધોના ત્રણે ત્રણ વિષયો આપવામાં આવ્યા છે. માર્ચ ૨૦૧૨ની ફાઈનલ પરીક્ષામાં આ ત્રણ વિષયોમાંથી કોઈપણ એક નિબંધ ચોક્કસપણે પૂછાશે જ. માટે જો આપ આ ત્રણે ત્રણ વિષયો તૈયાર કરશો તો આપ ચોક્કસપણે એક નિબંધ મુખ્ય પરીક્ષામાં ખૂબ જ સારી રીતે લખી શકશો.

૪. આ નિબંધોનું સામાન્ય બંધારણ, લખાણ(મેટર) મોટાભાગે ત્રણ - ચાર વર્ષ દરમ્યાનના સમયગાળામાં પ્રકાશિત થયેલ ‘સ્વામિનારાયણ પ્રકાશ’માંથી લેવામાં આવે છે.

૫. અહીં આપેલા નિબંધોનું લખાણ કેવળ દિશા સૂચક છે. આ જ લખાણ ગોખીને પરીક્ષામાં લખવાની જરૂર નથી. આથી વિશેષ સારા મુદ્દાઓનું ચિંતન-મનન કરી આપની રીતે પૂર્વ તૈયારી કરીને લખી શકો છો.

૬. **ગુજરાતી માધ્યમ (ભાષા) સિવાયના પરીક્ષાર્થીઓ માટે :** આ નિબંધોનું મૂળ પ્રકાશન ગુજરાતી ભાષામાં જ હોવાથી તેનું શબ્દશઃ ભાષાંતર ન કરતાં, તેનો ભાવાર્થ સમજીને પરીક્ષાર્થીએ પોતાની રીતે સમજીને તૈયારી કરવાની રહેશે. પરીક્ષા કાર્યાલય અંગ્રેજી કે હિન્દી ભાષામાં આ નિબંધોનું ભાષાંતર આપી નહિ શકે. તેથી ભાષાંતર કરવા અંગેનો પત્રવ્યવહાર કે ઈ-મેલ પણ પરીક્ષા કાર્યાલયને કરશો નહિ તેવી નમ્ર વિનંતી છે.

૭. ગુજરાતી ભાષા વાંચી, લખી કે બોલી ન શકતા હોય તેવા પરીક્ષાર્થીઓએ માતા-પિતા, વડીલો કે અન્ય સ્વજનો-સ્નેહીઓ પાસે વંચાવીને નિબંધનો ભાવાર્થ સમજી પોતાની રીતે, પોતાના શબ્દોમાં લખીને તૈયારી કરવાની રહેશે.

૮. One essay from the above list of essays will be asked in the Final Examination of March-2012.

# સર્વનાશ કરતી ક્રોધની જ્વાળાઓ
# એ જ્વાળાઓને શાંત કરવાની છે કોઈ આધ્યાત્મિક જડીબુટ્ટી ?

■ સાધુ અક્ષરજીવનદાસ

## ■ ક્રોધની વ્યાખ્યા

વાલ્મીકિએ રામાયણમાં કહ્યું છે :

क्रोधः प्राणहरः शत्रुः क्रोधो मित्रमुखो रिपुः ।
क्रोधो ह्यसि र्महातीक्ष्णः सर्वं क्रोधोऽपकर्षति ॥

ક્રોધ પ્રાણઘાતક શત્રુ છે, ઉપરથી મિત્ર જેવો, પણ અંદરથી ભયંકર વૈરી છે. ક્રોધ એક મહાતીક્ષ્ણ તલવાર છે કે જે બધું જ સત્ત્વ હણી લે છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃતમાં ક્રોધની વ્યાખ્યા કરતાં ક્રોધને હડકાયા શ્વાન જેવો કહે છે. જેમ હડકાયા કૂતરાની લાળ જે ઢોર અથવા માણસને અડે તે હડકાયા કૂતરાની જેમ જ ડાચિયો નાખીને મરી જાય. તેમ ક્રોધની જેને લાળ અડે તે ડાચિયો નાંખીને આધ્યાત્મિક માર્ગમાંથી પડી જાય છે.

ક્રોધનું સ્વરૂપ કસાઈ જેવું છે. કસાઈ પશુઓને હણવા ક્રૂર થાય છે તેમ ક્રોધ પણ ક્રૂર થઈ માણસને હણી નાખે છે. વળી, ક્રોધ આરબ, ભાવર, વાઘ, દીપડો અને કાળાસર્પના જેવો ભયંકર છે. તે જેમ સૌને બિવરાવે છે અને બીજાના પ્રાણ હણી લે છે તેમ ક્રોધ પણ બિવડાવીને પ્રાણ હણી લે છે. વળી, શ્રીહરિ કહે છે કે, 'ક્રોધ તો જપ, તપ, જ્ઞાન એ આદિક સર્વે શુભ ગુણનો નાશ કરે એવો છે.'

શ્રીહરિ કહે છે કે, '...એવો જે ક્રોધ તે જો સાધુમાં આવે તે તો અતિ ભૂંડો લાગે; કેમ જે, સાધુ તો શાંત હોય, પણ જ્યારે તેમાં ક્રોધ આવે ત્યારે તે સાધુ બીજાને ક્રૂર લાગે અને તે સાધુની આકૃતિ પણ ફરી જાય; કેમ જે, એ ક્રોધનું નામ વિરૂપ છે, માટે એ ક્રોધ જેના દેહમાં આવે તેના દેહને વિરૂપ કરી નાંખે.'

ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે, 'ક્રોધ રજોગુણમાંથી ઉત્પન્ન થાય છે.' રજોગુણ એટલે કામના-ઇચ્છાઓ. કામના પૂરી ન થાય તે ક્રોધમાં પરિણમે છે. માનવી ઇચ્છાઓનો ગુલામ બને ત્યારથી જ તેની ગતિ ક્રોધની રાતી આગ તરફ વળી ચૂકી હોય છે. ક્રોધની પરાકાષ્ઠા સુધીમાં તેને કેટલાંય સોપાન વળોટવાં પડે છે. તે પણ ઘણી જ ઝડપથી.

પ્રથમ તો તેનામાં ઈર્ષ્યા જન્મે. માન, લોભ ને કામ સાથે ઈર્ષ્યાનો સંબંધ થતાં ત્રણનો જન્મ થાય :

ઈર્ષ્યા સાથે માન ભળે તો અસૂયા ઊપજે; ઈર્ષ્યા સાથે લોભ ભળે તો મત્સર ઊપજે અને ઈર્ષ્યા સાથે કામ ભળે તો ક્રોધ ઊપજે.

સંસ્કૃતમાં અસૂયાવાળા માણસને असूयकः કહ્યો છે. તેનો અર્થ થાય છે : અસંતુષ્ટ, નિંદક, માન ઘટાડનાર, અપમાન કરનાર, અપ્રસન્ન વ્યક્તિ. આ પરથી ખ્યાલ આવે છે કે તેનો પિતા માન છે.

મત્સરવાળાને मत्सरी કહ્યો છે. મત્સર એટલે અન્ય જનનું શુભ થતું હોય તેનો દ્વેષ કરે તે. બીજાનું રૂડું સાંખી ન શકનાર, ખલ. મત્સરવાળાને મનમાં એમ થાય છે કે, આ વસ્તુ મને મળવી જોઈતી હતી બીજાને કેમ મળી ? તેથી સ્પષ્ટ થાય છે કે તેનો બાપ લોભ છે.

ગીતાકથન મુજબ ક્રોધની ઉત્પત્તિ કામના-ઇચ્છામાંથી થાય છે. અને તે છતાં ક્રોધ રહે છે માનને આશરીને. (વચ. પ્ર. ૭૬)

આમ, અસૂયા, મત્સર અને ક્રોધના મૂળમાં માન, લોભ, કામ ને ઈર્ષ્યાનો અધર્મ સર્ગ રહેલો છે. તેમાં અસૂયા ને મત્સર અતિ સૂક્ષ્મ હોય છે, પણ ક્રોધનું સ્વરૂપ વિકરાળ, ભયાનક અને ક્ષણમાં ઊથલપાથલ કરનારું હોય છે. મત્સર ને અસૂયા સ્વયં બળે પણ બીજાને બાળવાનું સામર્થ્ય તેમાં નથી, જ્યારે ક્રોધમાં સ્વ-સહિત સર્વવિનાશની શક્તિ રહેલી છે.

## ■ ક્રોધનાં સ્વરૂપો

ક્રોધનું એક હળવું રૂપ છે - ચીડિયાપણું, જેની તાકાત ઘણું કરીને શબ્દો સુધીની જ હોય છે. ક્યારેક ક્યારેક ચિત્ત વ્યગ્ર હોઈ, કોઈ પ્રવૃત્તિમાં ખલેલ પડવાને લીધે અગર કોઈ વાતનો નિર્ણય હાથ ન લાગતાં લોકો ચિડાઈ ઊઠે છે.

ચીડિયાપણું એક પ્રકારની માનસિક દુર્બળતા છે, એટલે જ રોગીઓ અને ઘરડાઓમાં તે વધુ જોવામાં આવે છે.

અમર્ષ (છણકો) ક્રોધની ભારેલી આવૃત્તિ છે. કોઈ વાતનું ખોટું લાગે ને અસહ્ય ક્ષોભ થાય ત્યારે તેનો આવેગ અનુભવાતો હોય છે. છણકામાં શક્તિ નથી, માનભંગની લાગણી છે.

વૈર ક્રોધનું આથો આવેલું સ્વરૂપ છે. એક વારનો ક્રોધ કાયમ માટે હૃદયમાં ભરાઈ બેસે પછી તેને વૈરની સંજ્ઞા અપાય છે. આમ તો ક્રોધનો વેગ ને ઉગ્રતા, સામેના લક્ષ્યને તોડવામાં વામણાં હોઈ, ધીમાં પડી જાય છે. પરંતુ લક્ષ્યને પીડિત કરવાની પ્રક્રિયા સારી રીતે લાંબા સમય સુધી ચાલ્યા કરે છે. એટલે જ ક્રોધ ને વૈરનો ભેદ ફક્ત કાલકૃત ભેદ છે.

રાજ્યના હિત માટે રાજદંડ, સમાજ કલ્યાણ માટે સમાજદંડ જેમ પ્રસિદ્ધ છે તેમ આત્માના હિત માટે ઇંદ્રિયદંડ કરવાની આજ્ઞા શ્રીજીમહારાજે કરી છે. ઇંદ્રિયો-અંતઃકરણ કુમાર્ગે ચાલે તેના તરફ હરગિઝ દયા પાલવે નહિ. તેને તો નિર્દય થકા દંડ દેવો ઘટે, પરંતુ માણસમાત્ર 'સ્વ'નું લક્ષ્ય ચૂકી જાય છે; ને

'પર' તરફ ક્રોધથી ઘૂરકતો રહે છે.

પશુ રીસ કરે ત્યારે માણસ તેને 'પાડાખાર' ગણે છે, પણ માણસની રીસ માટે પશુએ નક્કી કરેલું બિરૂદ પશુ જ જાણતાં હોય છે ! પશુની રીસમાં પશુતા હોય તો માનવની રીસમાં માનવતા હોવી ઘટે, પણ એવું નથી બનતું. પશુની પશુતામાં કશો ભેગ ભળતો નથી; જ્યારે માનવની પશુતા ભણતરથી સંસ્કારિત હોય છે. એટલે જ તે વિશ્વ-વિનાશના બણગા ફૂંકે છે ને !

રોષ અને રીસ બંને સરખાં છે. ઘણી વાર પ્રયોજાતો 'રૂસણું' શબ્દ ઘરેલુ થઈ પડ્યો છે. રીસ કે રૂસણામાં છૂપી શક્તિ છે. ચકમકના તણખા ઘર્ષણથી ઝરે તેવું રીસનું છે. ક્રોધાગ્નિને પ્રજ્વલિત કરવામાં રતીવા રીસ બહુ થઈ પડે, એ તો યોગ્ય પ્રતિભાવ ન મળે તો પણ ઊપજે છે.

ખોવાયેલા બળદ શોધતો ખેડુત, ધ્યાનસ્થ મહાવીર સ્વામીના કાનમાં થોર ભોંકે છે, કારણ કે તેને કશો પ્રતિભાવ નથી મળતો. ઘણી વ્યક્તિઓ આમ જ અકારણ ક્રોધમાં ધૂંધવાતી હોય છે.

કામ પાંગળો છે ને ક્રોધ આંધળો છે, પરંતુ કામ જ્યારે ક્રોધમાં સમાઈ જાય છે, ત્યારે ક્રોધને પંગુતા ને અંધાપો બન્ને સાંપડે છે. એટલે જ કહેવાય છે કે ક્રોધીને દિશા નથી તેમજ ક્યાં ભભૂકવું તેનું ભાન પણ નથી. દિશા ને દૃષ્ટિ જેનામાં ન હોય તે પગ ઘસતો ઊંડી ખીણમાં જ પડે ને મરે. સાથે બીજાને પણ મારે. ક્રોધી વ્યક્તિથી સૌનું વેગળા રહેવાનું કારણ આ જ છે. વનમાં દવ લાગે ત્યારે પ્રાણીઓ ભડથું થઈ જાય તેવું જ ક્રોધાગ્નિનું છે. અંતરના સદ્‌ગુણો સઘળા તે સ્વાહા કરી જાય છે. હૃદય સૂનું થઈ જાય છે. જે કંઈ બચે છે તે અધર્મસર્ગ-માયા બચે છે.

## ■ ક્રોધ ઊપજવાનાં કારણો

ક્રોધ ઊપજવાનાં કારણો જણાવતાં વચનામૃતમાં કહે છે કે, ૧. માંહોમાંહી પ્રશ્ન-ઉત્તર કરતાં ક્રોધ ઊપજે. ૨. વાદ-વિવાદ કરતાં ક્રોધ ઊપજે. ૩. કોઈ પદાર્થ લેવા-દેવામાં ક્રોધ ઊપજે. ૪. કોઈકને શિક્ષા કરતા હોઈએ ને ક્રોધ ઊપજે. ૫. પક્ષપાતે કરીને ક્રોધ ઊપજે. ૬. અપમાને કરીને ક્રોધ ઊપજે. ૭. ઈર્ષ્યાએ કરીને ક્રોધ ઊપજે. ૮. આસન કરવાને વિષે ક્રોધ ઊપજે. ૯. પ્રસાદી કે ધન વહેંચવાને વિષે ન્યૂનાધિકપણું કરે ને ક્રોધ ઊપજે. (વચ.અમ. ૮)

કુદરતનો કોપ, શેઠનો ગુસ્સો, બાળકની ચીડ, સ્ત્રીનો છણકો - વગેરે તે તે વ્યક્તિ પરત્વે સીમિત છે, પરંતુ ક્રોધ સંપૂર્ણ સજીવ સૃષ્ટિનું સાર્વભૌમત્વ ભોગવે છે.

આ સૌમાંથી ભગવાન કે સત્પુરુષ અંગીકાર કરે છે તેને 'પુણ્યપ્રકોપ' કહેવાય છે.

એક વાર ભગવાન સ્વામિનારાયણે કદી પણ ક્રોધ ન ઊપજતો હોય એવા સંત મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, 'તમારે ક્રોધ થાય છે ત્યારે શે નિમિત્તે થાય છે ? અને કેટલું નિમિત્ત હોય ત્યારે થાય છે ?' એમ કહીને પોતે પોતાની વાત કરી કે અમારે તો એકથી લાખ રૂપિયા સુધી બગાડ કરે તોપણ પોતા સારુ તો ક્રોધ આવે નહીં. અને જ્યારે ધર્મલોપ કરે અથવા બળિયો હોય તે ગરીબને પીડે અથવા અન્યાયનો પક્ષ લે ત્યારે તેની ઉપર અમારે કોઈકને અર્થે લગારેક ક્રોધની ચટકી આવે છે, પણ પોતા સારુ તો લેશમાત્ર ક્રોધ આવતો નથી. અને કોઈક સારુ આવે છે તોપણ ક્ષણમાત્ર પણ નથી રહેતો અને આંટી પણ બંધાતી નથી.' (વચ.ગ.મ. ૨૭)

ભગવાન કે સત્પુરુષ જીવને ધર્મ-નિયમમાં વર્તાવવા માટે કદીક કડક વલણ પણ અપનાવે છે. એ કરુણાજન્ય પુણ્ય-પ્રકોપમાં જીવ સાથે આખા સત્સંગનું શ્રેય સમાયેલું છે. ભગવાન અને સત્પુરુષના આ પુણ્ય પ્રકોપથી અનેક લોકોનું ભલું થાય છે, અનેક લોકોનાં કલ્યાણ થાય છે. જ્યારે સામાન્ય માણસના ક્રોધથી કેવાં ભયાનક પરિણામો આવે છે !

## ■ ક્રોધનાં ભયાનક પરિણામો

કહેવાય છે કે ક્રોધનો આરંભ મૂર્ખતાથી થાય છે અને અંત પશ્ચાત્તાપથી. ક્રોધની ભયંકર અસરોથી સાધુઓને સુરક્ષિત રાખવા માટે શ્રીહરિએ સાધુઓને તો ત્યાં સુધી કહ્યું : 'गालीदानं ताडनं च–' અને તે સાધુ અને બ્રહ્મચારી તેમણે કોઈક કુમતિવાળા દુષ્ટજન હોય ને તે પોતાને ગાળ દે અથવા મારે તો તે સહન જ કરવું, પણ તેને સામી ગાળ ન દેવી ને મારવું પણ નહિ અને તેનું જેમ હિત થાય તેમજ મનમાં ચિંતવન કરવું, પણ તેનું ભૂંડું થાય એવો તો સંકલ્પ પણ ન કરવો.' (શિક્ષા. ૨૦૧)

શ્રીજીકથિત આ આદેશ માત્ર સાધુઓ પૂરતો જ મર્યાદિત નથી. માણસ માત્રે ક્રોધની ભયાનક અસરોથી બચવા માટે તેના પર વિજય મેળવવો જ રહ્યો.

ચાણક્યનીતિમાં કહ્યું છે કે : 'सर्वं जयति अक्रोधः। यद्यपि अकारिणि कोपः कोपे कोप एव कर्तव्यः।' (૩૪૪-૩૪૫)

અર્થાત્ અક્રોધ (મૃદુ શાંત સ્વભાવ) જેને સિદ્ધ થયો તેણે બધું જ સ્વાયત્ત કર્યું છે. કદાચ કોઈએ અપકાર કર્યો તો તેના પર ક્રોધ કરવાને બદલે તમારા ક્રોધ પર ક્રોધ કરવો.

મનુસ્મૃતિમાં તો અક્રોધને ધર્મનું એક લક્ષણ કહ્યું છે. તો નીતિશાસ્ત્રોએ તેને જ્ઞાનનું લક્ષણ કહ્યું છે.

ઈમર્સન લખે છે કે 'જેટલી મિનિટ તમે ગુસ્સે રહો છો, તેટલી પ્રત્યેક મિનિટમાં તમે સુખની સાઠ સેકંડ ખોઈ નાખો છો...' અર્થાત્ સુખની માત્રા શૂન્ય જ નહિ બલ્કે લુપ્ત થઈ જાય છે. પરિણામે દુઃખની માત્રાને વધારી દો છો.

અબ્રાહમ લિંકન કહેતા કે કોઈ પર ગુસ્સો આવે તો મુખોમુખ ન ઠાલવતાં તેને પત્રમાં ઠાલવી દેવો. પછી પત્ર રવાના ન કરવો, રાખી મૂકવો. થોડાક કલાકો વીતે, મન શાંત પડે, પછી એ પત્ર વાંચવો ને સામેની વ્યક્તિના ગુણ વિચારવા. તમે જોશો કે તમે ગુસ્સો કર્યો તેમાં તમે જ કશીક ભૂલ કરી છે એવું અનુભવશો. પછી એ પત્ર ફાડીને ફેંકી દો એ જ એનું પ્રાયશ્ચિત્ત છે.

ચીની કહેવત છે : 'તમે ગુસ્સામાં હો ત્યારે કોઈ પણ જવાબ આપશો નહિ.'

ગુજરાતી કહેવતો છે : 'ક્રોધી માણસની આંખો બંધ થઈ જાય છે, ને મોં ખૂલી જાય છે.'

'ગુસ્સો કરવો એ પોતાની જાતને પોતે કરેલી સજા છે.'

સંસ્કૃતમાં કહ્યું છે કે 'બોલેલો શબ્દ, છોડેલું તીર, વીતેલો વખત, ગુમાવેલી તક : આટલી ચીજો પાછી મળતી નથી.'

## ■ ક્રોધની શરીર અને સંસાર પર અસર

શરીર વિજ્ઞાનીઓએ પુરવાર કર્યું છે કે -

- જ્યારે શરીરમાં ક્રોધ પેદા થાય છે ત્યારે પાચનતંત્ર ખોરવાઈ જાય છે.
- ફક્ત દસ મિનિટના ક્રોધમાં પાચનતંત્રને એટલું નુકસાન થાય છે કે તેને પૂર્વવત્ કાર્યક્ષમ થવામાં બીજા બે દિવસ લાગે છે.
- ક્રોધ પિત્તને કોપાવે છે. પરિણામે પેટમાં અમ્લરસ વધી જતાં એસિડિટી ને અલ્સર જેવા અસહ્ય રોગો થાય છે.

શરીરવિજ્ઞાનીઓ કહે છે કે કેટલાક ભયાનક રોગોનું કારણ ક્રોધી સ્વભાવ છે. ક્રોધ આવવાથી હૃદયરોગનો હુમલો થવો, લોહીમાં શર્કરાનું ઊંચું પ્રમાણ, અનિદ્રા જેવા રોગો થાય છે.

ક્રોધી વ્યક્તિનો સંસાર ઉઝરડાય છે, પારિવારિક કલેશ મટતો નથી. સંતાનોનું જીવન જોખમાય છે. ઘરમાં અશાંતિ બની રહે છે. કારકિર્દી ડહોળાય છે. આધ્યાત્મિકતા શૂન્ય બની જાય છે.

સમાજ, કુટુંબ અને ઘર સુધી ક્રોધી નિરાંતે રહી શકતો નથી કે અન્યને શાંતિથી રહેવા દેતો નથી.

ક્રોધીનું જીવન અસલામત કહ્યું છે. અને એટલે જ તરણા જેટલો ક્રોધ પણ યુગોની ઊથલપાથલ કરી નાખે છે.

લવિયા દરજીએ પોતાની પસંદગીનું શાક ન કરનાર પત્નીને ક્રોધાવેશમાં કૂવે પડવાનાં કઠણ વેણ કહ્યાં. પત્ની ડૂબી મરી. પછી લવિયો પસ્તાયો. કહે છે કે બાર વરસ સુધી રાત-દિવસ એક કરી પૈસા કમાયો ને બીજી સ્ત્રી પરણ્યો. રીંગણાંનો વઘાર બાર વરસે બેઠો !

આમ, ક્ષણિક ક્રોધ સંસારને છિન્નભિન્ન કરી નાંખે છે. એક બાળક તૂટેલી સાઇકલ સમી કરાવવા ગયો. સાઇકલ રિપેર કરનાર ભાઈ કહે, 'આ ટ્રકની નીચે આવી ગઈ છે કે શું ?' બાળકે કહ્યું, 'ના, આ તો મારા પપ્પાએ ક્રોધાવેશમાં પછાડી એટલે આ હાલત થઈ છે !'

ક્રોધી વ્યક્તિ સંસારને સુખપૂર્વક માણી શકતો નથી. આખો પરિવાર તેનાથી ગભરાયેલો રહે છે. જૂનાગઢમાં એક નાગર ખૂબ સ્વાદિયો હતો. રોજ જમવા આવે ત્યારે કંઈક ને કંઈક ખોડ કાઢીને થાળી પછાડે. ઘરનો સ્ત્રીવર્ગ અંતરથી ફફડે. આથી, તે ભાઈ કોઈ સાથે હસીને વાત પણ કરી શકે નહીં. ગુણાતીતાનંદ સ્વામીએ તેનો સ્વાદ ટાળ્યો ત્યારે સૌને નિરાંત થઈ.

ક્રોધ ઊપજવાનાં કારણો નહીંવત્ હોય છે, પણ ઊપજ્યા પછીનું પરિણામ અનેક રીતે દુઃખદ નીવડે છે. લોકમાં અપકીર્તિ તો ખરી જ, સાથે શારીરિક ને માનસિક અગવડ-સગવડ ને સમસ્યાઓની કેટલીય કંદરા તેને વટાવવી પડે છે ! ક્ષણનો ક્રોધ વરસોનો પસ્તાવો મૂકતો જાય છે. 'પળનો ક્રોધ પાળિયો કરાવે.' એ કહેવત ખોટી નથી.

શ્રીજીમહારાજ પોતે વચ. ગ.પ્ર. ૬૯માં કહે છે : 'ક્રોધે યુક્ત જે પ્રકૃતિ તે તો દુષ્ટનો ધર્મ છે અને શાંત સ્વભાવે વર્તવું તે જ સાધુનો ધર્મ છે... રાજા યુધિષ્ઠિરનું હજારો ગાઉમાં રાજ્ય હતું તોય પણ સાધુતા રાખી હતી અને ડારા દેનારા તો ભીમસેન જેવા હજારો હોય તે વારીએ તોય પણ તે કર્યા વિનાનું રહેવાય નહીં. માટે તીખા સ્વભાવવાળાની તો કાંઈ ખોટ નથી. એવા તો ઘણાય હોય પણ સાધુ થવું એ જ ઘણું દુર્લભ છે...'

## ■ ક્રોધ વ્યાપે ત્યારે શું કરવું ?

ક્રોધ વ્યાપે ત્યારે ગમ ખાતાં શીખવું. જીવનમાં ઠેસ-ઠોકર વાગે ત્યારે માણસ પળ-વિપળ ગમ ખાઈ જાય તો તે સલામત જીવી શકે છે.

ક્રોધ ઊપજવાનાં કારણોમાં ત્રણ પરિસ્થિતિઓ કારણભૂત ગણાય છે : ૧. ઉપજાવેલી, ૨. આવી પડેલી ૩. અને મિશ્રિત. આ ત્રણેમાં 'ગમ વિજ્ઞાન' લાગુ પડે છે. જેમ કે કોઈને છંછેડીએ અને તે આપણી સાથે ઝઘડી પડે, આપણે સામે ઝઘડીએ તે પરિસ્થિતિ ઉપજાવેલી છે. રસ્તે ચાલતાં કોઈ વિના પૂર્વસંદર્ભ આપણી સાથે દુર્વ્યવહાર કરે તે પરિસ્થિતિ આવી પડેલી છે. વરસ નબળું છે, ઘરમાં દાણો-પાણી નથી, તેવા સમયે આપણે વધુ દેવું કરીને ખોટા ખર્ચ કર્યા, અને લેણદાર અંતે આપણી સાથે આક્રમક બની વ્યવહાર કરે ને આપણે પણ વાણી પરનો કાબૂ ખોઈ બેસીએ એ પરિસ્થિતિ મિશ્રિત છે. આ ત્રણેયમાં માણસ ગમ ખાવાનું શીખી જાય તો વાંધો આવે નહીં. નહિતર ક્રોધ તેને ભરખી જાય છે.

ક્રોધનો વેગ એટલો પ્રબળ હોય છે કે ક્યારેક તો મનુષ્ય વિચારશૂન્ય થઈ જાય છે. એથી જ 'પાડાના વાંકે પખાલીને ડામ' જેવી ચેષ્ટા તે આચરતો હોય છે. પોતે આમતેમ ડાફોળિયાં મારતો હોય ને ઓચિંતો ખાડામાં પગ પડે ને મચકોડ લાગે ત્યારે તે બીજાને મારી બેસે છે. કોઈ ઉપસ્થિત ન હોય તો મોંમાંથી ગાળ જરૂર નીકળી જાય છે.

ભગવાન સ્વામિનારાયણ કહે છે કે ક્રોધ ઊપજે ત્યારે... 'જેની ઉપર ક્રોધ ઊપજે તેને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવો અને ગદ્‌ગદ-હૃદય થઈને દીનતાએ નિષ્કપટપણે કરીને રૂડાં રૂડાં વચન બોલીને તેને પ્રસન્ન કરવો; એમ અમારી આજ્ઞા છે. અને જો કોઈક સાધુ ઉપર દ્રોહબુદ્ધિએ સંકલ્પ થાય તો નિષ્કપટ થઈને પોતાને મુખે તે સંકલ્પ કહેવો જે, 'હે મહારાજ ! આ રીતનો ભૂંડો સંકલ્પ તમારી ઉપર થયો.' ને તે સંકલ્પનો જે દોષ તેની નિવૃત્તિને અર્થે હાથ જોડીને તેની પ્રાર્થના કરવી. અને જો સાધુને ગૃહસ્થ હરિભક્ત ઉપર ક્રોધ ઊપજે તો તે સાધુ ગૃહસ્થની વચને કરીને પ્રાર્થના કરે અને બેઠે થકે નમસ્કાર કરે, પણ સાષ્ટાંગ દંડવત ન કરે, અને જે સાંખ્યયોગી બાઈઓ છે તેમને પણ જો પરસ્પર ક્રોધ ઊપજે તથા કર્મયોગી સ્ત્રીઓને વિષે ક્રોધ ઊપજે તો વચને કરીને પ્રાર્થના કરવી ને બેઠે થકે નમસ્કાર કરવો... તો તેનું અંતઃકરણ શુદ્ધ થશે ને તેનાં કામ, ક્રોધ, માન, લોભ, મદ, મત્સર તે સર્વ નાશ પામી જશે. અને ક્રોધ ઊપજ્યો ને જે આ પ્રાયશ્ચિત્ત નહીં કરે તેને સર્પ તુલ્ય જાણવો પણ તેને ભગવાનનો ભક્ત જાણવો નહીં.'' (વચ. અમ. ૮)

હા, કદીક એવું પણ બને છે કે પરિશ્રમ ક્રોધ કરે ને વખાણ કરુણાનાં થાય ! લોકો કહેતા હોય છે કે 'ફલાણા ભાઈએ દયા કરીને એને ગુંડાના હાથમાંથી છોડાવ્યો.' કોઈ એમ નહીં કહે કે 'તેણે ક્રોધ કરીને બચાવી લીધો.' આ સાચું છે કારણ કે આવા અવસરો પર જો દયા ક્રોધનો સાથ ન લે તો દયા પોતાની પ્રકૃતિ જોતાં ધાર્યું પરિણામ ન જ લાવી શકે. દયા ક્રોધને ઢાંકવા-ઢબૂરવાનું કામ કરે છે. હકીકતમાં ક્રોધનું દુષ્પરિણામ તેને મળી જ ગયું હોય છે. તેનાં સુખ અને શાંતિ જરૂર જોખમાય છે. એટલે જ શ્રીજીએ શિક્ષાપત્રી શ્લો. ૧૫૩, ૧૫૪માં ક્રોધ શબ્દ સુધ્ધાં નથી વાપર્યો, એવી આજ્ઞા કરી કે 'અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ તે ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેમના ઉપદ્રવે કરીને સર્વપ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થયો હોય કે પોતાના પ્રાણનો નાશ થતો હોય અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તોપણ તેનો વિવેકી એવા જે અમારા સત્સંગી ગૃહસ્થ તેમણે

તત્કાળ ત્યાગ કરી દેવો અને જ્યાં ઉપદ્રવ ન હોય તેવો જે બીજો દેશ તે પ્રત્યે જઈને સુખેથી રહેવું.' ટૂંકમાં ત્યાં ક્રોધ કરવાને બદલે એવા સ્થાનમાંથી ચાલી નીકળવું.

શાસ્ત્રીજી મહારાજ કહેતા : 'જ્યારે ક્રોધ ઊપજે ત્યારે દશ વાર સ્વામિનારાયણ નામ લેવું...'

યોગીજી મહારાજ કહેતા : 'ક્રોધ આવે ત્યારે મોઢું બંધ રાખવું. કોઈ ગમે તેટલા શબ્દ કહે, પણ બે દાંત ને બે હોઠ ભીડી દેવા. ક્રોધ જીતવાનો આ ઉપાય છે. મનમાં સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... ભજન કરવું. બાળકબુદ્ધિ ન રાખવી, રીસ ન રાખવી. આંટી પડવા ન દેવી, પોતાને બ્રહ્મરૂપ માનવું. બે શબ્દ કોઈ બોલે ને તપી જવાય એ બ્રહ્મરૂપ માન્યું ન કહેવાય. કોઈ ગાળ દે તો કહેવું : 'બે વધુ દ્યો.' જ્યારે ક્રોધ ન આવે, ત્યારે બ્રહ્મરૂપ થયા જાણવું.'

પ્રમુખસ્વામી મહારાજ કહે છે : 'ક્રોધ ઊપજે ને એને થોડી વારમાં સમાવી શકો તો ખૂબ શાંતિ રહે. ભયંકર ખૂન કે મારામારી થાય છે એ થોડીક ક્ષણોમાં જ થાય છે. કો'કના બસો-પાંચસો રૂપિયાની લાલચમાં કો'કની જિંદગી ખલાસ કરવાનું મન થાય છે, પણ એવો લાભ શા કામનો ? એ પૈસા જિંદગીભર ચાલશે ? હરામનું ખાધેલું પચશે ? કોઈને નુકસાન કરવાથી શાંતિ નહીં મળે.'

## ■ ક્રોધ જીતવાના અમોઘ ઉપાયો

ભગવાન સ્વામિનારાયણે ક્રોધાદિક દોષો જીતવા માટે વચનામૃતમાં ઠેર ઠેર પ્રમાણભૂત અમોઘ ઉપાયો દર્શાવ્યા છે. તેઓ એક વાર સારંગપુરમાં બિરાજતા હતા ત્યારે નિર્વિકારાનંદ સ્વામીએ તેમને એક પ્રશ્ન પૂછ્યો કે, 'હે મહારાજ ! કોઈક પુરુષમાં ક્રોધાદિક ભૂંડા સ્વભાવ હોય તે ટળે કે ન ટળે ?' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, 'જેમ વાણિયો હોય તે જેટલો વેપાર કરે તેનું નામું માંડી રાખે છે; તેની પેઠે જે દિવસ થકી સત્સંગ થયો છે તે દિવસથી જેણે નામું માંડી રાખ્યું હોય તેનો સ્વભાવ ટળે છે. અને તે એમ વિચારે જે, 'જ્યારે મારે સત્સંગ નહોતો ત્યારે મારે આટલો મલિન સ્વભાવ હતો અને સત્સંગ કર્યા પછી આટલો સ્વભાવ ઉત્તમ થયો છે.' અને વર્ષોવર્ષ પોતાનો વધારો થતો હોય અથવા કાંઈ ફેર રહેતો હોય તે સર્વેને તપાસ્યા કરે; પણ મૂર્ખ વાણિયો જેમ નામું માંડે નહીં તેની પેઠે ન કરે. એવી રીતે જે સત્સંગ કરીને પોતાની જો તપાસ કરતો રહે, તો તેના જે જે સ્વભાવ હોય તે સર્વે નાશ પામી જાય છે. ....જેની પ્રૌઢ અવસ્થા હોય અને તે સત્સંગ કરતાં થકાં બગડે છે, તેનું તો કારણ એ છે જે, મોટાપુરુષ હોય તેને વિષે જે જે જાતના દોષ પરઠે, તે તે જાતના દોષ પોતાના હૈયામાં આવીને નિવાસ કરે છે. અને જો મોટાપુરુષના ગુણનું ગ્રહણ કરે અને એમ જાણે જે, 'મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે છે અને મોટાપુરુષ તો નિર્દોષ છે, અને મને દોષ જણાણો તે તો મારી કુમતિએ કરીને જણાણો છે;' એમ વિચારીને સત્પુરુષનો ગુણ ગ્રહણ કરે અને પોતાના અપરાધને ક્ષમા કરાવે, તો તે પુરુષની મલિનતા મટી જાય છે. ....પોતામાં જે સ્વભાવ વર્તતો હોય ને તે ઉપર અભાવ આવે જે, 'હું ભગવાનનો ભક્ત છું, તે મારે આવો ભૂંડો સ્વભાવ જોઈએ નહીં.' એવી રીતે દોષરૂપ જાણીને જે જે સ્વભાવને તજવાને ઇચ્છે તો ભગવાનને પ્રતાપે કરીને તે તે સ્વભાવની નિવૃત્તિ થઈ જાય છે.'' (વચ. સારંગ. ૧૮)

વળી, ભગવાન સ્વામિનારાયણ ગઢડા પ્રથમ પ્રકરણના ૨૪માં કહે છે કે, 'અને જે ભગવાનનું સ્વરૂપ છે તે તો માયા ને માયાના જે ગુણ તે થકી પર છે અને સર્વ વિકારે રહિત છે, પણ જીવના કલ્યાણને અર્થે મનુષ્ય જેવા ભાસે છે. તે ભગવાનને વિષે જે અલ્પમતિવાળા છે તે જેવા જેવા દોષ કલ્પે છે તે ભગવાનને વિષે તો એકે દોષ નથી, પણ કલ્પનારાની બુદ્ધિમાંથી એ દોષ કોઈ કાળે ટળવાના નહીં. તેમાં જે ભગવાનને કામી સમજે છે તે પોતે અત્યંત કામી થઈ જાય છે, અને જે ભગવાનને ક્રોધી સમજે છે તે પોતે અત્યંત ક્રોધી થઈ જાય છે, ને જે ભગવાનને લોભી સમજે છે તે પોતે અત્યંત લોભી થઈ જાય છે, ને જે ભગવાનને ઈર્ષ્યાવાન સમજે છે તે પોતે અત્યંત ઈર્ષ્યાવાન થઈ જાય છે, એ આદિક જે જે દોષ ભગવાનને વિષે કલ્પે છે તે તો જેમ 'સૂર્ય સામી ધૂડની ફાંટ ભરીને નાંખીએ તે પોતાની આંખમાં પડે છે,' તેમ ભગવાનને વિષે જે જાતનો દોષ કલ્પે છે તે દોષ પોતાને દુઃખ દે છે. અને પોતામાં ગમે તેવા ભૂંડા સ્વભાવ હોય ને જો ભગવાનને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે.'

વળી કહે છે, 'મોટાપુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે.' (ગ.પ્ર. ૭૩)

તથા 'મોટાપુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય. અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય અને જો મોટાપુરુષને વિષે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય. અને મોટાને વિષે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય. અને જો મોટાપુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય.' (ગ.પ્ર. ૫૮)

આમ, ક્રોધાદિક દોષને જડમૂળથી ઉખાડવા માટે ભગવાન સ્વામિનારાયણે દર્શાવેલા આ ઉપાયો અત્યંત સરળ અને સુલભ છે. એમાં ઊંડી આધ્યાત્મિકતા સમાયેલી છે. સંક્ષેપમાં સમજવું હોય તો, ગુણાતીત ગુરુહરિ સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ એ જ સરળમાં સરળ ઈલાજ છે, ક્રોધને જીતવાનો. માત્ર ક્રોધ નહીં, ક્રોધ જેવા અન્ય અનેક સ્વભાવોને જીતવાનો એ જ ઈલાજ છે.

## ■ ક્રોધની આગમન-વેળાએ સૂચનો

૧. સહકારી વલણ રાખીએ. ૨. જે કંઈ બોલીએ કે કરીએ એમાં આનંદ વ્યક્ત કરીએ. ૩. આપણા વિષે અન્યના અભિપ્રાયો વિચારીએ, પછી તેનો તોલ કરી શુભનો સ્વીકાર કરીએ. ૪. આપણા કાન સહુને આપીએ, જીભ કોઈકને જ. ૫. બીજાઓના અપરાધો માફ કરવાની ટેવ ખંતપૂર્વક કેળવીશું તો આપણું ગૌરવ હંમેશ માટે ટકી રહેશે. ૬. ભલાઈના ભાગીદાર ન થવાય તો કંઈ નહિ, પણ બૂરાઈના સાથીદાર તો ન જ બનીએ. ૭. દુર્જનોની દોસ્તી જેમ ખતરનાક છે એમ દુશ્મનાવટ પણ જીવલેણ છે, તેનાથી બચીએ !

ક્રોધ વગેરે સ્વભાવનાં આક્રમણોથી બચવા માટે આપણા શાસ્ત્રકારો, સંતો-મહાપુરુષો વગેરેનાં વચનોનાં સારરૂપે અનેક ઉપાયો વિચારી શકાય છે. 'સ્વભાવવશ સંસાર' પુસ્તકમાં આ ઉપાયોની વિગતવાર ચર્ચા છે. તેમાંના કેટલાક મહત્ત્વના હાથવગા ઉપાયો છે : ૧. ધ્યેયની સ્પષ્ટતા અને દૃઢતા. ૨. ગુરુના વચનમાં વર્તવાની દૃઢતા ૩. આત્મનિષ્ઠા સહિત ભક્તિ ૪. ભગવાન અને સંતનો મહિમા ૫. કલ્યાણનો સ્વાર્થ ૬. અતિશય સેવાનો ઉમંગ ૭. પોતાના જ અવગુણ જોવાની વૃત્તિ ૮. પોતાના સ્વભાવ પ્રત્યે શત્રુભાવ ૯. અંતર્દૃષ્ટિ ૧૦. દૃઢ નિશ્ચય ૧૧. અસ્મિતા અને જાણપણું ૧૨. પુરુષ પ્રયત્ન ૧૩. ગુણાતીત સત્પુરુષને નિર્દોષ સમજીને તેમને તે સ્વભાવથી પર જાણવા ૧૪. ગુણાતીત સત્પુરુષ પાસે નિષ્કપટપણું ૧૫. ભગવાન અને ભગવાનના

ભક્તનો પક્ષ ૧૬. સત્સંગ ૧૭. સંપૂર્ણ શરણાગતિ ૧૮. ભગવાન અને સંતની કૃપા.

તેમાં સૌથી છેલ્લો ઉપાય છે : પ્રાર્થના. સંપૂર્ણ શરણાગતિ સાથે અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરવામાં આવે તો ભગવાન અને સંતની કૃપા થાય છે.

ક્રોધની પ્રકૃતિમાંથી છૂટવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે પ્રાર્થનાની સ્પષ્ટતા કરતો 'સ્વભાવવશ સંસાર'નો આ ગદ્યાંશ મનનીય અને અનુકરણીય છે : સ્વભાવ-પ્રકૃતિ ટાળવાના ઉપરોક્ત ઉપાયોમાં Last but not least – અંતિમ પણ ઓછો નહીં તેવો ઉપાય પ્રાર્થના છે.

અધ્યાત્મ-સાધનામાં ભગવાનની પ્રાર્થના એક અમોઘ શસ્ત્ર અને રામબાણ ઇલાજ છે. આપણી બુદ્ધિ, શક્તિ મર્યાદિત છે. તેથી અધ્યાત્મના આ ગહન પથ પર ડગલે ને પગલે સતત ભગવાનની દિવ્ય પ્રેરણા અને શક્તિ મળતી રહે તે જરૂરી છે. માયાનાં ઝંઝાવાતી તોફાનો સામે ટકી રહેવા માટે, તેનાથી પરાજિત થયા વગર તેને પાછા પાડવા અને તેનું અસ્તિત્વ મિટાવી દેવા માટે, ભગવાનની અલૌકિક શક્તિ કામે લગાડ્યા વગર છૂટકો જ નથી. તે માટે સાધકે શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક શુદ્ધભાવે, દીનભાવે અને અનન્યભાવે ભગવાન અને ગુણાતીત સંતની શરણાગતિ સ્વીકારીને તેમને પ્રાર્થના કરતાં રહેવું જોઈએ. જ્યારે અને જ્યાં, જો કોઈ પ્રકારની વિટંબણા, મુશ્કેલી, મૂંઝવણ આવે, સ્વભાવોના આવેગો આવે ત્યારે તેમાંથી રક્ષા માટે પ્રાર્થનાનો જરૂર ઉપયોગ કરવો જોઈએ. સ્વભાવોને ટાળવા માટે ઉપરોક્ત ઉપાયોને યથાર્થ રીતે અજમાવી શકાય તે માટે પણ ભગવાન અને સંતને પ્રાર્થના કરીને તેમની પાસેથી જ પ્રેરણા અને શક્તિ માંગવાની છે. અંતઃશત્રુઓથી સંપૂર્ણ રક્ષા થાય, સાધનામાં કોઈ વિક્ષેપ ઊભો ન થાય, સતત સાચી દિશામાં પ્રગતિ થતી રહે અને અંતે સાચી સાધનાની ફલશ્રુતિ પ્રાપ્ત થાય અર્થાત્ સ્વભાવમાત્ર ટળી જાય અને આત્યંતિક મુક્તિ થાય, આત્મા-પરમાત્માનો સાક્ષાત્કાર થાય, તે માટે પ્રાર્થનાની ટેવ પાડવી અત્યંત જરૂરી છે. સમયે સમયે પ્રાર્થના કરવી એમ શ્રીજીમહારાજ પણ સૂચવે છે.

તેઓ વચ. ગ.પ્ર. ૪૮માં કહે છે કે 'અને વળી એમ પ્રાર્થના કરવી જે, 'હે મહારાજ ! કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર, ઈર્ષ્યા અને દેહાભિમાન એ આદિક જે અંતઃશત્રુ તે થકી રક્ષા કરજ્યો.'

વચ. પં. ૩માં પણ આ જ વાત કરતાં તેઓએ કહ્યું છે કે 'ભગવાનની પ્રાર્થના કરવી જે 'હે મહારાજ ! હે સ્વામિન્ ! હે ભક્તવત્સલ ! હે દયાનિધે ! આ ઇન્દ્રિયો-અંતઃકરણનો વાંક છે ને હું તો એથી નોંખો છું ને એ તો મારા શત્રુ છે, માટે એ થકી મારી રક્ષા કરજ્યો.' એમ નિરંતર પ્રાર્થના કર્યા કરવી.'

વચ. ગ.અં. ૩૯માં પણ આ જ સૂર દોહરાવતા તેઓ બોલ્યા છે કે 'હનુમાન, નારદ, પ્રહ્‌લાદ એ જે મોટા મોટા ભગવાનના ભક્ત તેમણે પણ ભગવાન પાસે એમ જ માંગ્યું છે જે, અહં-મમત્વરૂપ માયા થકી રક્ષા કરજ્યો અને તમારે વિષે પ્રીતિ થજ્યો, અને એ માયાને તર્યા હોય ને તમારે વિષે પ્રીતિવાળા હોય એવા જે સાધુ તેનો સંગ થજ્યો અને સાધુને વિષે હેત ને મમત્વ થજ્યો. માટે આપણે પણ એમ કરવું ને એમ માંગવું અને એનો શ્રવણ, મનન, નિદિધ્યાસ કરવો.'

આ રીતે પ્રાર્થનાપૂર્વક ઉપરોક્ત સર્વે ઉપાયોમાંથી જેને જેનાથી કામ સરતું હોય એવા ઉપાયો અજમાવવા માટે યોગ્ય પુરુષાર્થ કરવાથી જરૂર સ્વભાવ ટળી જાય છે. જો સાધકનો યોગ્ય દિશામાં યોગ્ય રીતે યોગ્ય પુરુષાર્થ હોય, તો ભગવાન અને ગુણાતીત સંત તો મદદ કરવા તૈયાર જ છે.

સ્વભાવ ટાળવાની સાધનામાં તમામ સાધનો ટાંચા પડે છે તેવો અનુભવ થયા વિના રહેતો નથી. તેથી જ ભક્તો પોકારતા હોય છે કે –

*'હે ગોવિંદ ! હે ગોપાલ ! અબ તો જીવન હારે...'*

તે સમયે સ્વભાવ ટાળવા માટે તો ભગવાન અને સંતનાં ચરણે આપણે પ્રાર્થના જ કરવી રહી કે –

*'મહા બળવંત માયા તમારી, જેણે આવરિયા નરનારી;*
*એવું વરદાન દીજીએ આપે, એહ માયા અમને ન વ્યાપે.'*

(ભક્તચિંતામણિ - પ્રકરણ : ૬૪)

તો ચાલો આપણે પણ આપણને પીડતી-પીલતી, નડતી-કનડતી પ્રકૃતિને ટાળવા માટે વૈદિક પ્રાર્થનામાં સૂર મિલાવતા ભગવાનને પ્રાર્થીએ કે –

अग्ने ! नय सुपथा राये अस्मान्विश्वानि देव वयुनानि विद्वान्।
युयोध्यस्मज्जुहुराणमेनो भूयिष्ठां ते नम उक्तिं विधेम॥

(ईशावास्योपनिषद्-१८)

– અક્ષરધામને પમાડનારા હે ભગવન્ ! આપ તો સર્વજ્ઞ છો. સુંદર માર્ગથી ભગવત્સેવારૂપ મુક્તિ માટે અમને લઈ જાવ. કોઈ કાળે ન છૂટી શકે તેવાં પાપો ને સ્વભાવો, પ્રકૃતિઓને અમારાથી દૂર કરો. અમારા આપને અનેકાનેક નમસ્કાર છે !! ◆

# આ છે અમ આદિવાસીઓનાં જીવતરની ઘડતરગાથા

મધ્ય ગુજરાતના વનવાસી પ્રાંત વચ્ચે વસેલા બોડેલીમાં
નવનિર્મિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં અદ્‌ભુત શિલ્પો નર્તન કરી રહ્યાં છે,
તેની પાર્શ્વભૂમાં આ પ્રાંતના હજારો આદિવાસી બંધુઓનાં જીવનઘડતરની એક ગાથા ગૂંજે છે.
ટાંકણે ટાંકણે પથ્થર ઘડાય છે અને મંદિરનું સર્જન થાય છે, એમ,
પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના સત્સંગના ટાંકણે ટાંકણે
હજારો આદિવાસીઓનાં જીવન-ઘડતર થયાં છે,
અને એ એક એક વ્યક્તિત્વ ઉત્તમ જીવનમૂલ્યોથી અલંકૃત થઈને ચૈતન્ય મંદિર બન્યું છે.
વ્યસન, વહેમ, અંધશ્રદ્ધા, હિંસા અને અનેક દુરાચારોને બદલે એ આદિવાસીઓનાં ઝૂંપડાંઓમાં
હવે પવિત્ર ભક્તિ અને સત્સંગના દીપ ઝળહળે છે. આ સત્સંગથી એ આદિવાસી પરિવારોનાં જીવનધોરણ, સમૃદ્ધિ અને ગુણવૈભવ કેવાં
ઉન્નત બન્યાં છે, તેના પર એક મહાનિબંધ લખાય તેટલું તેમાં કૌવત છે.
અહીં તેની એક અલ્પ ઝલક પ્રસ્તુત છે...

હજારો આદિવાસીઓનાં જીવન-ઘડતરની, જીવન-પરિવર્તનની અને જીવન-ઉદ્ધારની આ ગાથા...

ચાર ચાર દાયકાની અદ્‌ભુત કથા છે;

જેમણે માનવમાત્રમાં સમદૃષ્ટિ રાખી છે અને આદિવાસીઓમાં પણ હંમેશાં પરમાત્માનાં દર્શન કર્યાં છે, એવા સંતવિભૂતિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ સ્નેહની આ ગાથા છે;

પોતાના સ્વાસ્થ્ય અને કષ્ટોની પરવા કર્યા સિવાય આદિવાસીઓના ઝૂંપડે ઝૂંપડે ઘૂમનાર સ્વામીશ્રીએ કરેલા પ્રચંડ પુરુષાર્થની આ એક સત્ય કહાની છે;

સ્વામીશ્રીની પ્રેરણાથી સંતોએ કરેલા અથાગ વિચરણની આ ફલશ્રુતિ છે. સ્વામીશ્રીએ તૈયાર કરેલા સેંકડો સત્સંગ-કાર્યકરોનાં સમર્પણ અને પુરુષાર્થનું આ અમૃતફળ છે.

સને ૨૦૦૫ની વસંતપંચમીએ અટલાદરામાં યોજાયેલ ઘનશ્યામ મહારાજ તથા ગુરુપરંપરાની મૂર્તિપ્રતિષ્ઠાના પ્રસંગે છોટાઉદેપુર ક્ષેત્રના રાયછા ગામના ઈસુન રવજી રાઠવા તથા પ્રવીણભાઈએ ૧૩૦ કિલોમીટરની પદયાત્રા કરીને જવાનો સંકલ્પ કર્યો. માર્ગમાં સ્વામીશ્રી માટે એલચી અને લવિંગનો હાર બનાવતાં બનાવતાં તેઓ પદયાત્રા કરીને અટલાદરા પહોંચ્યા. તેઓના મનમાં સંકલ્પ થયો કે સ્વામીશ્રી આપણને સ્ટેજ પર બોલાવી આ હાર સ્વીકારે અને આશીર્વાદ આપે તો કેવું સારું ! એવી ભાવના સાથે હાર લઈને આ બંને યુવકો ઉત્સવમાં પહોંચ્યા. કાર્યક્રમની પૂર્વ-નિશ્ચિત વ્યવસ્થા પ્રમાણે મોટેરા સંતો જ સ્વામીશ્રીને વિવિધ હાર અર્પણ કરવાના હતા. આ યુવકોએ બનાવેલો હાર તેમના વતી પૂજ્ય મહંત સ્વામીએ સ્વામીશ્રીનાં કરકમળોમાં અર્પણ કર્યો. બંને યુવકોને ખૂબ આનંદ થયો. પૂજા પછી સભા વીખરાઈ, પરંતુ સ્ટેજ ઉપર વ્યવસ્થા સંભાળનાર સંત આ બંને યુવકોને શોધતાં શોધતાં આવ્યા, તપાસ કરી. યુવકો તો વડોદરામાં રહેતા પોતાના સ્વજનોના ઘરે જવા નીકળી ગયા હતા. સ્ટેજ વ્યવસ્થાના સંતે એ વિસ્તારના કાર્યકરને સૂચના આપી કે સ્વામીશ્રીએ આ હાર લાવનાર યુવકોને મળવાની ખાસ ઇચ્છા વ્યક્ત કરી છે. માટે આવતીકાલે પ્રાતઃપૂજામાં તેમને અવશ્ય હાજર રાખજો.

અને બીજા દિવસે પ્રાતઃપૂજામાં આવી ગયા. સ્વામીશ્રીએ આ બંને યુવકોને સામેથી સ્ટેજ ઉપર બોલાવ્યા, ખૂબ પ્રેમથી આશીર્વાદ આપ્યા અને સાથે સાથે પ્રેરણા આપી કે સત્સંગ કરો અને કરાવો. બંને યુવકો સ્વામીશ્રીની આ આત્મીયતાસભર કરુણાથી રોમાંચિત થઈ ગયા. સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ તો પૂરો કર્યો જ હતો, પણ સ્વામીશ્રી જેવી વિરલ વિભૂતિએ સામાન્ય કક્ષાના અદના આદમીને સામેથી બોલાવી નિઃસ્વાર્થ સ્નેહ દર્શાવ્યો, એની અનુભૂતિ એ બંને યુવકો માટે કંઈક ઓર જ હતી.

આવા અનેક આદિવાસી ભક્તોના અનુભવો છે, કોઈકને સ્વામીશ્રીએ સ્નેહપૂર્વક આશીર્વાદ આપ્યા છે, કોઈકના ઝૂંપડે જઈને કે પાસે બોલાવીને એના જીવનની સુખ-દુઃખની વાતો સાંભળી છે. કોઈકને વ્યસનો અને માંસાહાર-હિંસા છોડાવીને અધ્યાત્મના માર્ગે વાળ્યા છે. અને સ્વામીશ્રીએ સ્નેહથી અજવાળેલા એ ભક્તોએ બીજા કેટલાયને અજવાળ્યા છે. એક સમયે જેમના હાથ લૂંટફાટ, તીરકામઠાં અને દારૂ-માંસની બદીથી દુર્ગંધ મારતા હતા, ત્યાં આજે નિઃસ્વાર્થ સેવા અને સત્સંગની પવિત્ર સુગંધ મઘમઘે છે. એક સમયે જે પરિવારો અનેક કુકર્મો તેમજ અંધશ્રદ્ધા અને ભૂવા-ડાકલાંઓથી ખદબદતા હતા, તે આજે શુદ્ધ નિષ્ઠાથી સુખ અને શાંતિનો દિવ્ય આનંદ માણી રહ્યા છે. જીવનમાં ક્યારેય સ્નાનનો મહિમા ન જાણનારા આ વનવાસી બંધુઓ હવે નિત્ય સ્નાન-શુદ્ધિ અને પ્રાતઃપૂજાથી લઈને નૈતિક અને આધ્યાત્મિક શુદ્ધિના પાઠ પોતાની નવી પેઢીને પણ આપે છે. આ આદિવાસીઓના આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, આર્થિક અને વિવિધ ક્ષેત્રોમાં થયેલા ઉદ્ધારનાં આ રહ્યાં કેટલાંક ઉદાહરણો...

■ સન્મુખભાઈ મનાભાઈ નાયક, બોડેલીથી ચાર કિલોમીટરના અંતરે આવેલા કડીલા ગામના વતની. ૨૫૦ ઘરોની વસ્તીવાળું આ ગામ વર્ષોથી દારૂ, તાડી, તમાકુ, જુગાર અને માંસાહારમાં ડૂબેલું હતું. તહેવારોના દિવસોમાં તો અહીં કેટલાય બકરાઓની કતલ થતી. સન્મુખભાઈ પણ પોતાના પિતાની જેમ આ વ્યસનોથી મુક્ત રહી શક્યા નહોતા. સને ૨૦૦૪માં તેઓ છોટાઉદેપુરમાં સત્સંગીબંધુ ભૂપેન્દ્રભાઈ શાસ્ત્રીની ટ્રેક્ટરના પાર્ટ્સની દુકાનમાં નોકરીએ લાગ્યા. શેઠના આગ્રહને કારણે તેઓ એકવાર રવિસભામાં ગયા. તેઓને અંતરમાં પરમ શાંતિનો અનુભવ થયો. ધીમે ધીમે અંતર સત્સંગના

રંગે રંગાવા લાગ્યું. દરરોજ ચારથી પાંચ ગ્લાસ દારૂ પીનારને હવે એકદમ જ દારૂ અને માંસાહાર પ્રત્યે અરુચિ થવા લાગી. રવિ સભામાં સંતોના મુખેથી સાંભળેલી કથાવાર્તાના શબ્દોએ તેમનાં આ વ્યસનોને દૂર કરવાનું બળ પૂરું પાડ્યું. ત્યારપછી ગુરુપૂર્ણિમા પર બોચાસણમાં પ્રથમવાર જ સ્વામીશ્રીનાં દર્શન થયાં અને સત્સંગી થયા. નિત્ય પૂજાપાઠ અને સત્સંગના નિયમપાલનથી હૈયું દિવ્ય આનંદથી છલકાવા લાગ્યું. વ્યસનોની ખર્ચાળ ગુલામીમાંથી મુક્ત થયા એટલે જીવનધોરણ પણ ઊંચું આવવા લાગ્યું. આજે તેમના બે ઓરડાના ઘરમાં આરતી, થાળ અને ઘરસભા જેવાં સત્સંગનાં પુષ્પોની મહેક નિત્ય પ્રસરી રહી છે, અને તેનું શ્રેય તેઓ સ્વામીશ્રી અને તેમણે ખીલવેલા આ સત્સંગરૂપી ઉદ્યાનને આપી રહ્યા છે.

■ વેગા ગામના ચંદ્રકાન્તભાઈ પ્રજાપતિને સત્સંગ થયો તે પહેલાં તેઓ દારૂનો ધંધો કરતા હતા. ચંદ્રકાન્તભાઈનું અંતર હવે સત્સંગના સંસ્કારોથી રંગાઈ ગયું છે. ઘરમાં લગ્ન કે મૃત્યુ જેવા પ્રસંગોમાં પણ તેઓ સત્સંગમય વાતાવરણ ઊભું કરી દે છે. સામાજિક બંધનો અને પરંપરાની પરવા કર્યા વિના તેઓ પ્રત્યેક પ્રસંગને ઉત્સવ જેવો બનાવી દે છે. છેલ્લાં સાત વર્ષથી તેઓ સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર તરીકે સેવાઓ આપી રહ્યા છે.

■ રતનપુરના માધુભાઈ બુધાભાઈ રાઠવા દારૂના અઠંગ વ્યસની હતા. માત્ર સૂવે એટલો સમય જ દારૂ પીવાનું બંધ હોય. કેટલો પીવે છે, ક્યારે પીવે છે તેનું કોઈ જ ભાન તેમને રહેતું નહીં. વળી, કોઈ પણ સાધુને હેરાન કરવાનું ચૂકે નહીં. કોઈને ત્યાં લગ્ન પ્રસંગે કે ભજન-કીર્તન પ્રસંગે કે જાહેર કાર્યક્રમમાં ધમાલ ન કરે ત્યાં સુધી તેમને ચેન ન પડે. દારૂના નશામાં તીર-કામઠું લઈ જંગલી પાડા પર બેસી ગામમાં સવારી કરવાની અને કોઈના પર તીર ફેંકવાનો તેમને શોખ હતો. ગમે તેવી પ્રતિષ્ઠિત વ્યક્તિ સાથે પણ ઝઘડો કરવાની તેમને ખૂબ મઝા આવતી. આવી બધી આદતોને લીધે તેઓ આર્થિક રીતે સાવ કંગાળ થઈ ગયા હતા.

એકવાર આદત મુજબ બરાબરનો દારૂ ઢીંચીને લથડિયા ખાતાં ખાતાં તેઓ આવતા હતા, ત્યારે રસ્તામાં જ હરિભક્ત ખુમાનભાઈના મકાનના પ્રાંગણમાં સંતોને જોયા. તેઓ સંતોની મશ્કરી કરવાના ઇરાદાથી ત્યાં ગયા. સંતોએ પ્રેમથી તેમને આવકાર્યા, પાસે બોલાવી કપાળમાં કંકુનો ચાંદલો કર્યો અને દારૂ ન પીવા સમજાવ્યા. ત્રણ-ચાર દિવસ પછી તેમને એક વ્યક્તિ સાથે ઝઘડો થયો અને તેણે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી. માધુભાઈને પોલીસ પકડી ગઈ અને કોટડીમાં પૂરી દીધા. કોટડીમાં તેમને સંતોના શબ્દો યાદ આવ્યા અને એ જ દિવસથી તેમણે દારૂ નહીં પીવાનો અને માંસાહાર નહીં કરવાનો નિયમ લીધો. આજે તેઓ સત્સંગમય જીવન જીવી રહ્યા છે. વળી, દારૂ અને માંસાહાર બંધ થવાથી આર્થિક રીતે પણ ઘણા સુખી છે.

■ નાના કોછરા ગામના સેજસિંગભાઈ એટલે માંસ અને દારૂ વગેરે દરેક પ્રકારનાં વ્યસનોના અઠંગ ઉપાસી. પરંતુ તેમને પ્રમુખસ્વામી મહારાજના સત્સંગનો રંગ લાગ્યો અને જીવન સંપૂર્ણ પલટાઈ ગયું. સ્વામિનારાયણીય નિયમો પાળતા થયા. રોજ નાહી-ધોઈ નિયમિત પૂજા-પાઠ કરતા થયા. અભણ હોવા છતાં જેમ તેમ કરી વાંચતાં શીખ્યા, સત્સંગ શિક્ષણ પરીક્ષાઓની 'પ્રારંભ' પરીક્ષાનાં પુસ્તકો વાંચીને પરીક્ષાઓ આપી. આરતી, અષ્ટક વગેરે સહિત નિત્યગાનની ચોપડી મુખપાઠ કરી લીધી. લગ્ન-પ્રસંગે પણ તેઓને બીજા ગામે જવાનું થાય તો ડુંગળી-લસણવાળું ભોજન ભૂલમાં પણ ન આવી જાય તે માટે દાળ-શાક વિનાનો એકલો ભાત જમે. માત્ર પ્રવાહી લઈને અગિયારસનો ઉપવાસ કરે છે. પોતાના બાળકોને પણ સત્સંગના આવા શુભ સંસ્કારો પ્રેર્યા છે.

■ ગુજરાત-મધ્યપ્રદેશની સીમા પર આવેલા કોઠ તાલુકાના રાયછા ગામના રહેવાસી ભીમસિંગભાઈ, તાંત્રિક વિધિઓમાં નિપુણ હતા. એમાંથી એમને લૌકિક લાભ થતો, પણ સાથે સાથે ક્યારેક તેમની જ મેલી વિદ્યા તેમની પોતાની સામે પડી તેમને ખૂબ હેરાન-પરેશાન કરતી. દારૂ, તાડીનાં વ્યસનમાં હંમેશાં ચકચૂર રહેનાર આ ભીમસિંગભાઈ બે-બે પાનની એક બીડી બનાવી, એવી રોજની ૧૫થી ૨૦ બીડીઓ પીતા. મેલી વિદ્યાને કારણે તેમને ઘણી વખત વિચિત્ર અનુભવો પણ થતા. તેમ છતાં પોતાની આ વિદ્યા અજમાવવાનું તેઓ મૂકી શકતા નહીં. પરંતુ પોતાના ૯ વર્ષના બાળકના મૃત્યુ પ્રસંગે ભીમસિંગભાઈ ધ્રૂજી ઊઠ્યા. તે સમયે રાયછાના બી.એ.પી.એસ. સત્સંગ મંડળના સંચાલક સંનિષ્ઠ સત્સંગી ઈશ્વરભાઈના સહકાર અને સાંત્વનથી ભીમસિંગભાઈને ઘણી રાહત મળી.

આ પૂર્વે ઘણી વખત ઈશ્વરભાઈએ ભીમસિંગભાઈને આ માર્ગેથી પાછા વળવાની પ્રેરણા આપી હતી. પરંતુ ભીમસિંગભાઈ તે છોડી શકતા નહોતા. એવામાં ચાણસદમાં બી.એ. પી.એસ. મંદિરમાં મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવ આવ્યો. પુત્ર-મૃત્યુના આઘાતથી ઘવાયેલા ભીમસિંગભાઈને ઈશ્વરભાઈએ મૂર્તિ-પ્રતિષ્ઠામાં ચાણસદ આવવા કહ્યું. મને-કમને ભીમસિંગભાઈ તેમની સાથે ઉત્સવમાં આવ્યા. ઉત્સવનો માહોલ જોયો, નજીકથી સંતોનું જીવન જોયું, હરિભક્તોનો ઉત્સાહ અને ઉમંગ જોયો, આ બધાંથી તેઓ સત્સંગના રંગે રંગાઈ ગયા. કંઠી બાંધી સત્સંગી થયા. એ જ દિવસથી મેલી વિદ્યા, ડાકણ-સાકણ, વ્યસનો વગેરે જાણે તેમના ઘરમાંથી ભાગી છૂટ્યાં. તેમનો પરિવાર પણ સત્સંગમાં જોડાયો. હવે દરેક કુટુંબીજનનો એ જ અનુભવ છે કે જીવનમાં ખૂબ જ શાંતિનો અનુભવ થાય છે. પરિવારમાં ભગવાન મળ્યાનો કેફ, ઉત્સાહ જોવા મળે છે.

■ એક સમયે અજ્ઞાનને કારણે સત્સંગનો વિરોધ કરનારા કેટલાય આદિવાસી બંધુઓ જીવનપરિવર્તન પામીને હવે એક સત્સંગ-કાર્યકર તરીકે પોતાની અદ્‌ભુત સેવાઓ આપી રહ્યા છે.

મોટીબેજના પારસીંગભાઈ આપસીંગભાઈ રાઠવા સત્સંગના ખૂબ વિરોધી હતા. ગામમાં સત્સંગસભા ન થવા દે. બાળકો બાળસભા માટે ભેગા થાય તો ઉઠાડી મૂકે અને કહેવા લાગે, 'નવરા પડી ગયા છો ? ચાલો ઊઠો અહીંથી...' તેમના ડરથી જગ્યા બદલી બદલીને સભા કરવી પડતી. વળી, તેઓ દારૂ અને માંસના પણ અઠંગ વ્યસની હતા.

એકવાર કુંડલના હરિભક્ત રાયસિંગભાઈ તેમને સાંકરીમાં સત્સંગ શિબિરમાં લઈને ગયા. અહીં તેમણે મંદિરમાં મૂર્તિઓનાં દર્શન કર્યાં, સ્વામીશ્રીનો મહિમા સાંભળ્યો અને સમર્પિત હરિભક્તો જોયા. બસ, આ જ ક્ષણથી તેમનું જીવન બદલાવા લાગ્યું. છેલ્લાં ૧૫ વર્ષથી તેઓ નિયમિત સવારે ૪:૦૦ વાગ્યે ઊઠી, મંદિરની સફાઈ કરવાની, આરતી ઊતારવાની વગેરે અને અન્ય સેવા મહિમાપૂર્વક કરે છે.

■ વદેશિયાના નવલસિંગભાઈ દોલાભાઈ રાઠવા દારૂ, તાડી, માંસના અઠંગ વ્યસની હતા. તેઓ મીરા-દાતાર પીરની દરગાહના બાપુ હતા. કોઈને કંઈ પ્રશ્ન હોય તો લોકો આ બાપુની ફૂંક લેવા આવે ! પણ ધીમે ધીમે સત્સંગનો યોગ થયો, સ્વામીશ્રીનાં દર્શન થયાં અને તેઓ નિષ્ઠાવાન સત્સંગી બન્યા. આજે તેઓ મોટીબેજ ક્ષેત્રમાં મહિલા સંયોજક તરીકેની સેવાઓ આપી રહ્યા છે.

■ ઉચાપાનના કાળુભાઈ ખુમાનસિંહ રાઠવા દારૂનો ધંધો કરતા હતા. નિત્ય કોઈની સાથે ઝઘડો કરવાની તેમની આદત હતી. સને ૧૯૮૫માં દ્વિશતાબ્દી મહોત્સવ બાદ તેમને સત્સંગ થયો અને સમગ્ર જીવન બદલાયું. સંસ્થાના અનેક નાના-મોટા સમૈયાઓમાં તેઓએ ખૂબ સેવા કરી છે.

ડુંગરવાટ ગામના કંચનભાઈ રાયસિંગભાઈ બારિયા દારૂ, માંસાહાર જેવાં વ્યસનોમાં ચકચૂર રહેતા. સ્વભાવ પણ ખૂબ ઉગ્ર હતો. એકવાર સંનિષ્ઠ સત્સંગીમિત્ર નારસિંગભાઈએ એમની અનિચ્છા હોવા છતાં એમના ઘરે સત્સંગસભાનું આયોજન કર્યું. ઘરમાં જ સત્સંગસભા ચાલતી હોવા છતાં તેઓ એક ખૂણામાં જ બેસી રહ્યા. ચાલુ સભાએ જ એમને એટલો બધો ગુસ્સો આવ્યો કે નારસિંગભાઈને ચાલુ પ્રવચને હાથ ખેંચીને ઊભા કરી દીધા અને કહેવા લાગ્યા : 'ઊતર અહીંથી, આ બધી વાતો અહીં નહીં કરવાની. હું આ બધામાં સહેજ પણ માનતો નથી.'

આવા ઉગ્ર સ્વભાવવાળા કંચનભાઈને ડુંગરવાટમાં સંસ્કારધામની પ્રતિષ્ઠા સમયે સત્સંગનો રંગ લાગ્યો. સત્સંગ સભાનો વિરોધ કરનારા જ હવે ધીમે ધીમે નિયમિતપણે સભામાં આવવા લાગ્યા. ધીમે ધીમે સ્વભાવ પણ ઘસાવા લાગ્યો અને શાંત થયો. ઘરમાં સંતોની પધરામણી થવા લાગી. આજે તેઓ ચૂલી ક્ષેત્રમાં નિર્દેશક તરીકેની સેવાઓ આપી રહ્યા છે.

■ દારૂ, માસાંહાર અને બીડીના વ્યસની શકાભાઈ ઢેળિયાભાઈ રાઠવા, મહુડાનાં ફૂલોમાંથી દારૂ બનાવતા, તાડીના ઝાડ પર ચઢી જાતે તાડી ઉતારી પીતા, પોતાના ગામમાં કોઈ લગ્ન પ્રસંગ કે બાબાદેવ(પીઠોરો)ની માનતા હોય ત્યારે બકરા વધેરીને તેનું માંસ રાંધીને બધાને વહેંચતા. વારતહેવારે તેઓ આ પીઠોરા આગળ બકરા વધેરતા. તેમના પુત્રને આ ક્ષેત્રના નિર્દેશક દેસીંગભાઈ ભીખાભાઈનો યોગ થયો. એ સમયે દેસીંગભાઈ પાસે પડેલાં સત્સંગશિક્ષણ પરીક્ષાનાં પુસ્તકોના વાંચનથી શકાભાઈના પુત્રને સત્સંગનો રંગ લાગ્યો. સ્વામીશ્રી અને સંસ્થાનો મહિમા સમજાયો.

સને ૧૯૯૬માં તેઓ અટલાદરા ગયા અને સંતોને ઝોઝ પધારવા તેમજ ત્યાં સત્સંગસભા શરૂ કરવાની વિનંતિ કરી. હવે તો સમગ્ર પરિવાર સત્સંગના રંગે રંગાઈ ગયું હતું. દારૂ, માંસાહાર બંધ થયા તેથી કુટુંબની આર્થિક સ્થિતિ પણ સુધરી ગઈ. હાલમાં શકાભાઈનો દીકરો ઇલેક્ટ્રિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ કરી રહ્યો છે. શકાભાઈ પણ સંસ્થાના ફરતા દવાખાનામાં મંગળવાર અને શુક્રવાર એમ અઠવાડિયાના બે દિવસ સેવા આપે છે.

■ કેટલાય કાર્યકરોએ જીવનના કપરા સંજોગોમાં પણ સેવાને હંમેશાં પ્રાધાન્ય આપ્યું છે. ડભોઈ મંડળના નિરીક્ષક ભાનુભાઈ ડી. વસાવાના બંને બાળકો ગંભીર બીમારીથી પીડાય છે. બાળકોને આ બીમારી ઉથલો મારતી હોવાથી વારંવાર તેમને હૉસ્પિટલમાં દાખલ કરવા પડે. આર્થિક ભીડ પણ ઘણી પડે. આવા સંજોગોમાં પણ ભાનુભાઈ મંદિરની અને સત્સંગની સેવા કરવા તૈયાર હોય. બાળકો હૉસ્પિટલમાં દાખલ હોય તેની કોઈને જાણ થવા દીધા સિવાય તેઓ સેવામાં હાજર થઈ જાય. હવે તો તેમણે જાતે જ બાળકોને બાટલો ચઢાવવાનું, ઈન્જેક્શન આપવાનું શીખી લીધું છે. ઘણીવાર બીમાર બાળકોની સારવાર શરૂ કરી દઈ ગોષ્ઠિ અને મિટિંગમાં હાજર થઈ જાય છે.

■ આદિવાસી વિસ્તારમાં વિચરણ કરતા આ કાર્યકરોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. મધરાતે માર્ગમાં ક્યારેક હિંસક જંગલી પશુનો પણ ભેટો થઈ જાય છે. તેમ છતાં હિંમત અને નિષ્ઠાના બળથી આ કાર્યકરો આવા કોઈ પણ પ્રકારના વિપરીત સંજોગોથી ડર્યા વગર સતત સત્સંગ પ્રસાર કરતા રહ્યા છે.

છોટાઉદેપુર પ્રદેશમાં સત્સંગકાર્ય કરતા બાલુભાઈ રાઠવા (દોણજા) અન્નકૂટના પ્રસાદનું વિતરણ કરવા બાજુના ગામ ભૂમસવાડા ગયા. ગામમાં પેસતાં જ પાદરમાં દેવને બલિ ચઢાવવા માટે બકરો બાંધી રાખ્યો હતો. તેઓ બાજુમાં ઊભા રહી ગયા, પરંતુ વિધિ લાંબી ચાલી અને અન્ય આદિવાસીઓએ તેમને બાજુમાંથી જતા રહેવા કહ્યું. એટલે તેઓ બાઈક લઈને આગળ ચાલ્યા.

હજુ થોડા જ આગળ ચાલ્યા હશે ત્યાં જ એક આદિવાસી હાથમાં હથિયાર લઈ ગાળો બોલતો બોલતો એકદમ જ વાહનની આગળ આવી બાલુભાઈની ફેંટ પકડી લીધી. જેમતેમ, એલફેલ બોલવા લાગ્યો કે 'બે દી પહેલાં તેં મારા છોરા પર ગાડી ચલાવી છે, તે તું જ લા ?'

બાલુભાઈએ સમજાવવાનો ખૂબ જ પ્રયત્ન કર્યો કે 'હું તો આજે પહેલીવાર જ આ ગામમાં આવું છું.' પણ તે આદિવાસી કોઈ રીતે માનવા તૈયાર ન હતો. એ તો એમ જ સમજતો હતો કે બે દિવસ પહેલાં કોઈક આ જ પ્રકારની બાઈકે તેના છોકરા ઉપર ગાડી ચલાવી ભાગી ગયો છે, તે આ જ માણસ છે.

આદિવાસીના બૂમબરાડાથી તે જ ગામના બીજા પણ ૨૦થી ૨૫ માણસો તે આદિવાસીની તરફેણમાં ભેગા થઈ ગયા. દરેકના હાથમાં લાકડી, દાતરડાં, વાંસ, કુહાડી જેવાં હથિયારો હતાં. બાલુભાઈ ગભરાઈ ગયા. ચારે બાજુથી આદિવાસીઓ બુમાબૂમ કરતા હતા. તેમને વિચાર આવ્યો કે નક્કી આજે તો બરાબરનો મેથીપાક મળશે. મનમાં ને મનમાં પ્રમુખસ્વામી મહારાજને સંભારવા લાગ્યા. શું કરવું ? તેની કંઈ સૂઝ પડતી નહોતી. તેમની સાથે બી. એફ. પટેલ પણ હતા. તેઓ પણ મનમાં ને મનમાં સ્વામીશ્રીનું સ્મરણ કરવા લાગ્યા. હજુ ભજન શરૂ કર્યું, થોડી વાર થઈ. ટોળું મોટું ને મોટું થતું હતું. આ ટોળાને કેવી રીતે સમજાવવું તેની કંઈ સૂઝ પડતી નહોતી. બંને કાર્યકરો મનમાં સ્વામિનારાયણ..., સ્વામિનારાયણ... રટણ કરતા હતા. ત્યાં જ અચાનક ટોળાની પાછળથી એક વડીલ આદિવાસી બહાર આવ્યો અને મોટેથી કહે, 'દવાખાનાનો મોટલો છે લા, દવાખાનાનો મોટલો છે.' અર્થાત્ દવાખાનામાં કામ કરનાર મુખ્ય કર્મચારી છે.

આટલી વાત સાંભળતાં જ આખું આદિવાસીઓનું ટોળું તરત વીખરાઈ ગયું. બી. એફ. પટેલ આ વડીલ આદિવાસીને ઓળખતા ન હતા. તેને નવાઈ લાગી. મનમાં નક્કી થયું કે નક્કી સ્વામીશ્રીએ જ આપણને બચાવવા માટે આને પ્રેરણા કરી હશે. જ્યારે તે આદિવાસીને પૂછ્યું કે, 'તમે આ દિશામાં કેવી રીતે આવ્યા ?'

ત્યારે તે આદિવાસીએ પણ ચોંકાવે તેવી વાત કરી કે, 'મારે કંઈ કામ ન હતું, પણ હું તો એમ જ આંટો મારવા નીકળ્યો હતો. થોડાક મહિનાઓ પહેલાં મારા છોકરાએ ઝેરી દવા પીધી હતી. ત્યારે તમારા દવાખાનામાં મારા છોકરાને લઈને આવેલો. આખો દિવસ તમે જાગીને મારા છોકરાને બચાવી લીધેલો.'

દવાખાનામાં ફરજ બજાવતા બી. એફ. પટેલને તો આવા કંઈક કેસ આવતા હોવાથી કંઈ યાદ ન હતું, પરંતુ સ્વામીશ્રીએ જ તે વડીલ આદિવાસીમાં પ્રેરણા કરી કાર્યકરોની આ રીતે રક્ષા કરી.

જડ અને જંગલિયત ભરેલાં ટોળાંઓની વચ્ચે જઈને સ્વામીશ્રીના આ નિષ્ઠાવાન કાર્યકરો કેવા કપરા સંજોગો વચ્ચે સત્સંગ કરાવે છે તે સમજાવવા આ એક ઉદાહરણ પૂરતું છે.

■ સંતો અને કાર્યકરોના આવા સતત પુરુષાર્થથી છૂટાછવાયાં આદિવાસી લોકો કે પરિવારો જ નહીં, ક્યાંક આખા ગામોનું આમૂલ પરિવર્તન થયું છે. ક્યાંક એકાદ આદિવાસીબંધુનું જીવનપરિવર્તન, આખા ગામને એક પવિત્ર ચેતના આપનારું પરિબળ બની રહ્યું છે. અનેક ગામોમાં બાળમંડળ, યુવક મંડળ, મહિલા મંડળ જેવા વિવિધ સત્સંગમંડળોમાં સહભાગી થઈને સૌ વ્યસન, વહેમ અને અંધશ્રદ્ધા મુક્ત પવિત્ર જીવન જીવી રહ્યા છે.

છોટાઉદેપુર ક્ષેત્રના કોલ બોકડિયા ગામના લોકો માટે દારૂ-તાડી પીવાં, માંસાહાર કરવો અને ચોરી કરવી સ્વાભાવિક હતું. આ ગામના ઝેન્દાલભાઈ રાઠવા તાડીનો ધંધો કરવા હાલોલ ગયા હતા. અહીં તેઓ સત્સંગના સંપર્કમાં આવ્યા. સંસ્થાના સમૈયા-ઉત્સવોમાં તેમને સ્વામીશ્રી અને સંતોનાં દર્શન થયાં અને તેમનું જીવન પરિવર્તન થયું. ત્યારપછી તો સત્સંગનો રંગ સદાય ચઢતો ને ચઢતો રહ્યો અને આ રંગ ગામમાં પણ ફેલાયો. તેમણે પોતાના ગામમાં દરેક જણને સત્સંગની વાત સમજાવી અને ધીમે ધીમે સત્સંગ વધવા લાગ્યો. દિવ્યસ્વરૂપ સ્વામીના નિયમિત સંપર્કથી સત્સંગ વધુ દૃઢ થવા લાગ્યો. આજે આ ગામમાં લોકો તિલક-ચાંદલા સહિત પૂજા અને ઘરમંદિરમાં આરતી કરતા થયા છે. વ્યસન અને અંધશ્રદ્ધામાંથી મુક્ત થયા છે. ગામના બિનસત્સંગીઓને પણ સત્સંગીઓને જોઈને સ્વામીશ્રી અને સંસ્થાનો ગુણ આવે છે. વ્યસન અને વહેમના અંધકારમાં ડૂબેલું આ ગામ આજે સત્સંગ-પ્રકાશથી ઝળહળી રહ્યું છે.

ચારોલા ગામમાં ૮૦ ટકા લોકો વ્યસની હતા. સત્સંગ થાય એવું હતું જ નહીં. પરંતુ સંનિષ્ઠ સત્સંગી માલજીભાઈના પ્રયાસથી બે વર્ષમાં જ વર્ષો જૂનું વ્યસન દૂર થયું. હાલમાં અહીં સંસ્કાર-ધામનું નિર્માણ થઈ રહ્યું છે.

છોટાઉદેપુર ક્ષેત્રના કસારા ગામમાં ૭૫ ટકા કરતા વધારે લોકો દારૂનો ધંધો કરતા હતા. ઘરોઘર દારૂની ભઠ્ઠીઓમાં દારૂ ગળાતો હતો. એવામાં ગામના બે યુવકો મકનભાઈ રામાભાઈ અને સુરપાણભાઈ માનસીંગભાઈ રાઠવાને સત્સંગનો રંગ લાગ્યો. તેઓ ઘરમાં આરતી, થાળ તથા તિલકચાંદલા સાથે પૂજા કરે એ ઘરના વડીલો અને ગામલોકોને ગમતું નહીં. ઘરમંદિરમાંથી મૂર્તિઓ કાઢી નાંખવા તથા આરતી-પૂજા વગેરે બંધ કરવા માટે તેમના પર દબાણ વધવા લાગ્યું. પરંતુ તેઓ એકના બે ન થયા. અંતે યુવકોની નિષ્ઠા જોઈ સૌનું હૈયું પીગળવા લાગ્યું. સૌને તેમની વાતમાં વિશ્વાસ બેઠો. પછી તો ગામમાં સંતોની પધરામણી થઈ. ગામમાંથી વ્યસનો દૂર થયાં. દારૂની ભઠ્ઠીઓ બંધ થઈ. આજે આ ગામમાં દર રવિવારે નિયમિત સત્સંગસભા યોજાય છે.

■ મૂળ વિઝોલના વિઠ્ઠલભાઈ રાઠવા, સને ૧૯૯૫માં મુંબઈ ખાતે સ્વામીશ્રીનો અમૃત મહોત્સવ ઉજવાયો ત્યારે 'સ્વામીશ્રી જો સાચા ગુરુ હોય તો મને તેમના ચરણસ્પર્શનો લાભ મળે' - એવા સંકલ્પ સાથે આ ઉત્સવમાં આવ્યા હતા. અંતર્યામી સ્વામીશ્રીએ તેમનો સંકલ્પ પૂર્ણ કર્યો. વિઠ્ઠલભાઈનું હૈયું ગદ્‌ગદિત થઈ ગયું. તેઓએ એ જ દિવસે પૂજા લીધી અને નિયમિતપણે કરવા લાગ્યા.

મુંબઈથી ઘરે આવવાનું મન થતું નહોતું, કારણ કે ઘરની પરિસ્થિતિ જુદી હતી. વિઠ્ઠલભાઈના પિતાશ્રી બડવા-ભૂવાનું કાર્ય કરતા હતા. ઘરમાં રોજ બકરા કપાતા અને માંસાહાર થતો. આવી હાલતમાં ઘરમાં કઈ રીતે રહેવું ? સત્સંગના નિયમધર્મ કઈ રીતે સાચવવા ? પરંતુ તેઓ ડગ્યા નહીં. બે ઓરડાના મકાનમાં એક ઓરડામાં માંસ, ઈંડાં વગેરે રંધાતું જ્યારે બીજા ઓરડામાં વિઠ્ઠલભાઈ જાતે રસોઈ તૈયાર કરતા. ગામની બાજુમાં વહેતી નદીમાંથી પાણી ભરી લાવી, જાતે ભાવપૂર્વક રસોઈ તૈયાર કરી, ઠાકોરજીને થાળ ધરાવી જમતા. સતત અઢી વર્ષ આવી રીતે પસાર થયા. એક દિવસ રાત્રે તેઓએ સૂતાં સૂતાં જ સ્વામીશ્રીને પ્રાર્થના કરી કે પિતાને સત્સંગ થાય. એ સમયે અચાનક તેમના ઓરડાની અંદર પ્રકાશ થયો અને અવાજ સંભળાયો કે 'થોડો પ્રયત્ન કરો, કામ થઈ જશે.' તેમના હૈયામાં નવી આશાનો સંચાર થયો. થોડા સમય બાદ તેઓ દેવદિવાળીના પર્વે પોતાના પિતાને લઈને બોચાસણ આવ્યા. અહીં યોજાયેલી સત્સંગસભામાં તેમના પિતાશ્રીને સ્વામીશ્રીનાં સર્વપ્રથમવાર દર્શન થયાં. અંતરમાં શાંતિનો અનુભવ થયો. સભા બાદ મહંતસ્વામી પાસેથી કંઠી ધારણ કરી સત્સંગી થયા. બોચાસણથી ઘરે જતાં માર્ગમાં જ તેઓ કહેવા લાગ્યા કે 'મારે હવે એકપણ જીવની હિંસા નથી કરવી. ગામનું બડવાપદ છોડી દેવું છે અને સત્સંગમય જીવન જીવવું છે.' એ જ દિવસથી વિઠ્ઠલભાઈના પિતાશ્રીએ ભૂવા-બડવાપણું છોડી દીધું.

ધીમે ધીમે ઘરમાં સત્સંગનું વાતાવરણ જામવા લાગ્યું. ૧૯૯૮માં તેમના ઘરે સંતોની પધરામણી થઈ. ઘરના અન્ય સભ્યો પણ હવે સત્સંગી બની ચૂક્યા હતા. વિઝોલમાં સંસ્કારધામ બનાવવાની તેમની ઇચ્છા હતી, અને પોતાના જ ઘરમાં ૮૦૦ ચો.ફૂ.નો હોલ બનાવી તેમાં મંદિર બનાવ્યું. સને ૨૦૦૩માં ત્યાગવલ્લભ સ્વામીના હસ્તે અહીં મૂર્તિઓનું સ્થાપન થયું.

આજે આ ગામનાં કેટલાંય સત્સંગી કુટુંબો અહીં દર્શન અને સત્સંગનો લાભ પ્રાપ્ત કરે છે.

■ થોડાંક વર્ષો પહેલાં કનલવા ગામમાં સત્સંગની શરૂઆત થઈ, તે ગામના એક માથાભારે માણસ કનુ વીરુ રાઠવા અને તેના માણસોને ગમ્યું નહીં. એક વાર સત્સંગસભા પૂરી કરીને જતાં સત્સંગ-કાર્યકર રમણભાઈને રસ્તામાં જ બાઈક ઉપર રોક્યા. પંદર-સોળ માણસોએ ઘેરી લીધા અને આકરા શબ્દોમાં ધમકાવ્યા પણ ખરા કે 'જો હવે પછી અહીં સત્સંગ કરાવવા આવશો તો માર મારીશું, હાથ-પગ ભાંગી નાખીશું.' રમણભાઈ તો ગભરાઈ ગયા.

બીજે દિવસે અગ્રણી કાર્યકર બી. એફ. પટેલને પણ આ વાત કરી. તેમણે સ્વામીશ્રીની સ્મૃતિ કરી નક્કી કર્યું કે આ ગામમાં સત્સંગ તો કરાવવો જ છે. ચાર-પાંચ દિવસ પછી તેઓ કનુ વીરુના ઘરે ગયા. તેમને જોઈ કનુ વીરુ સ્થિર થઈ ગયો. રાત્રે સાડા અગિયાર વાગે કનુના સોળે સોળ સાગરીતોને ભેગા કરાવી બી.એફ. પટેલે રાતના બે વાગ્યા સુધી સ્વામીશ્રીના મહિમાની અદ્‌ભુત વાતો કરી. સ્વામીશ્રીના મહિમાની વાતો સાંભળી બેઠેલી સાત વ્યક્તિઓની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી. તેમણે વાત અટકાવી એટલે તરત જ બધા બોલ્યા કે 'તું વાત કરલા, મને વારું લાગેલા, તે આ વાત કદી સાંભળી જ ની લા.' સૌને અંતર્દૃષ્ટિ થઈ. અને પછી તો આ કનુ વીરુના ઘરે જ સત્સંગનો પ્રારંભ થયો. કનુભાઈ પણ સંમત થયા. થોડા મહિનાઓ પછી દિવ્યસ્વરૂપ સ્વામી પણ અહીં કનલવા ગામે પધાર્યા. કનુભાઈએ કંઠી ધારણ કરી. સત્સંગના પથ પર ચાલવાની પ્રતિજ્ઞા લીધી. કનુભાઈ અને તેના સાગરીતો ભગત થયા છે એ વાત ગામમાં અને આજુબાજુનાં ગામમાં ફેલાઈ. ઘણા બધા રાજી થયા. ઘણાનો મત હતો કે હવે આ વિસ્તારમાં નિરાંત થશે. કારણ આ માણસનો ત્રાસ સૌને કંપાવતો હતો.

આજે તો આ કનુભાઈ બી.એ.પી.એસ.ના કાર્યકર બની ગયા છે. આજે તેઓ કનલવાના એક સત્સંગમંડળના સંચાલક છે. પોતાના ત્રણેય દીકરાઓને

પણ તેમણે સત્સંગના રંગે રંગ્યા છે. તેમના નજીકનાં સગાંઓ પણ કનુભાઈના યોગે સત્સંગી થયાં છે. પહેલાં જે ઘરે કસુંબો, દારૂ ને માંસાહારની મહેફિલ જામતી, ત્યાં સાંજે આરતીની કેસેટ વાગે છે. ઘરમાં થાળ થાય છે. ઘરનું વાતાવરણ ભક્તિસભર બન્યું છે. કનુભાઈ કહે છે કે પરમ પૂજ્ય સ્વામીશ્રીનો જ આ પ્રતાપ છે.

■ સત્સંગના પ્રતાપે કેટલાય યુવાનો સુશિક્ષિત બનીને પોતાની કારકીર્દિ તેજસ્વી બનાવી શક્યા છે. વિવિધ ક્ષેત્રોમાં ગ્રેજ્યૂએટ કે ઇજનેર થનારા સત્સંગી યુવાનોની યાદી ઘણી લાંબી છે. પોતાની તેજસ્વી કારકિર્દીનો યશ એ યુવાનો આ સત્સંગ અને સ્વામીશ્રીને આપે છે. ક્વાંટ તાલુકાના કેલધરાના વતની મુકેશભાઈ વાલસિંગભાઈ રાઠવા એમ.ડી. થયા. તેઓ ડૉક્ટર થયા તેનું સંપૂર્ણ શ્રેય સ્વામીશ્રીના આશીર્વાદને આપી રહ્યા છે.

■ આરોગ્યના ગંભીર પ્રશ્નમાં પણ આદિવાસીઓનાં હૈયાંમાં સ્વામિ-નારાયણ મહા-મંત્રની પવિત્ર નિષ્ઠા ગૂંજવા લાગી છે. સને ૨૦૦૯માં ચોમાસાની ઋતુમાં વરધી ગામના હરિભક્ત ઘનશ્યામભાઈ અરજણભાઈ નાયકાને એક ઝેરી સાપે પગે ડંખ માર્યો. એ સમયે ગામના લોકોએ તેમને બડવા-ભૂવાને બોલાવી વિધિ કરાવવાનું કહ્યું. પરંતુ તેમણે એમ કરવાની મક્કમપણે ના કહી અને સ્વામિનારાયણ મહામંત્રની ધૂન શરૂ કરી દીધી. ઘનશ્યામભાઈ અને તેમના કુટુંબીજનોને દૃઢ વિશ્વાસ હતો કે મહારાજ-સ્વામીની જે મરજી હશે તે પ્રમાણે જ થશે. અને સૌના આશ્ચર્યની વચ્ચે ઘનશ્યામભાઈને ઝેરની કોઈ અસર થઈ નહીં અને અદ્ભુત રક્ષા થઈ.

■ આ સ્વામીશ્રીના દિવ્ય સત્સંગથી હજારો આદિવાસીબંધુઓમાં નૈતિક મૂલ્યોની જે ઉન્નતિ થઈ છે, તે ખરેખર સૌ કોઈ માટે પ્રેરણાપ્રદ છે. થોડાંક ઉદાહરણો તે સમજવા માટે પૂરતાં છે.

વેચાતસિંહ રાઠવા કાપડની થેલીમાં ૭ થી ૮ કિલો મકાઈ લઈને બસમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમની આગળની સીટમાં બેઠેલા ભાઈનું પર્સ ખિસ્સામાંથી સરીને તેમની થેલીમાં પડી ગયું. અચાનક વેચાતસિંહની નજર પોતાની થેલીમાં પડેલા પર્સ પર પડી. તેમણે પર્સમાં જોયું તો રૂપિયાથી તે ભરેલું હતું. તેમને લાગ્યું કે તેની પોતાની આગળની સીટમાં જે ભાઈ બેઠા છે તેમનું જ આ પર્સ હોવું જોઈએ. તરત જ તેમણે પેલા ભાઈને પૂછ્યું કે 'તમારું પર્સ ક્યાં છે ?' પેલા ભાઈએ પોતાના ખિસ્સામાં હાથ નાખી જોયું અને એકદમ હાંફળા-ફાંફળા થઈ ગયા. વેચાતસિંહ કહે, 'ગભરાશો નહીં, આ રહ્યું તમારું પર્સ.' પેલા ભાઈએ રાજી થઈને તેમાંથી થોડા પૈસા આપવાની વાત કરી. વેચાતસિંહે કહ્યું, 'આ પૈસા લેવા હોત તો બધા મારી થેલીમાં જ હતા, પંરતુ મારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજે અમને શીખવ્યું છે કે કોઈની વસ્તુ લેવાય જ નહીં. પરંતુ સારું થયું કે બસમાંથી ઊતરતાં પહેલાં જ મારું ધ્યાન ગયું, નહીં તો મારે ધર્મસંકટ થાત કે આ રકમ કોની છે ને તેને પહોંચાડવી કઈ રીતે ?' વેચાતસિંહની આ પ્રામાણિકતા જોઈ પેલો મુસાફર મનોમન સ્વામીશ્રીને વંદી રહ્યો.

■ મજૂરી કામ કરીને પરિવારનું ભરણપોષણ કરતા દેસિંગભાઈ ભીખાભાઈ રાઠવા(ગામ કુંડલ, પાવીજેતપુર)ના સ્વાનુભાવના શબ્દોમાં જીવનનાં ઉન્નત મૂલ્યોની વાત કેટલી રોચક લાગે છે! તેઓ કહે છે : 'વડોદરા જિલ્લાના આદિવાસી વિસ્તાર પાવી જેતપુર તાલુકામાં ખૂબ અંતરિયાળ અમારું ગામ છે. ૧૯૭૯માં અમારા આદિવાસી વિસ્તારમાં પ્રમુખસ્વામી મહારાજ આવ્યા ત્યારે પહેલીવાર સ્વામિનારાયણ સંતનાં દર્શન કર્યાં હતાં. ત્યારથી અમને બધાને સ્વામિનારાયણ સત્સંગનો રંગ લાગ્યો. ત્યાર પછી ૧૯૮૧માં અમદાવાદમાં ભગવાન સ્વામિનારાયણ દ્વિશતાબ્દી ઉત્સવ ઊજવ્યો ત્યારે પ્રમુખસ્વામી મહારાજના હાથે કંઠી પહેરી હતી અને સત્સંગી બન્યો હતો. સત્સંગી થયા એટલે બધા નિયમ-ધર્મની સંતોએ સમજ પાડી. ત્યાગવલ્લભ સ્વામી, દિવ્યસ્વરૂપ સ્વામી વગેરે સંતોનો સત્સંગ થયો. સ્વામીબાપા પણ અમારા વિસ્તારમાં આવે અને અમને લાભ આપે. એમ કરતાં કરતાં બધા નિયમો પાક્કા થયા. મારે સરકારી મજૂરીની નોકરી. બાકી બે-ત્રણ એકરની ખેતીમાં મજૂરી કરીને ગુજરાન ચલાવીએ. પણ સત્સંગ અને ભક્તિથી સુખી છીએ. કોઈ વ્યસનો નહીં એટલે થોડો થોડો પૈસો બચે એ બેંકમાં મૂકી આવું.

તા. ૩-૧૨-૨૦૦૭ના રોજ જેતપુર પાવી સ્ટેટ બેંકમાંથી હું રૂપિયા ઉપાડવા ગયો. બેંકના માણસે મને મારા ખાતામાંથી રૂપિયા આપ્યા એ લઈને હું નીકળી ગયો. બીજા દિવસે મારે એ પૈસામાંથી ચૂકવણી કરવાની હતી. એટલે હું એ જ થેલી લઈને ત્યાં ગયો. ત્યાં રૂપિયા ગણ્યા ત્યારે ખબર પડી કે બેંકવાળાએ મને ભૂલથી ૧૦,૦૦૦ રૂપિયા વધારાના આપી દીધા હતા. એમ થયું કે 'કાલે ને કાલે આ રૂપિયા બેંકમાં પાછા આપી આવું.' બીજી બાજુ બેંકવાળાને ખબર પડી કે દસ હજાર રૂપિયા હિસાબમાં ખૂટ્યા; એમણે ચારે બાજુ ખોળ્યા. તે દિવસે જે જે લોકોને બેંકમાંથી ચૂકવ્યા હતા એ બધાની પૂછપરછ કરવા માંડ્યા. બીજે દિવસે મેં બેંક મેનેજરને દસ હજાર પાછા આપ્યા ત્યારે એમણે મને પૂછ્યું : 'તમે શું કરો છો ?'

મેં કહ્યું : 'સરકારી મજૂરી કરું છું, અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનો કાર્યકર છું, પ્રમુખસ્વામી મહારાજનો શિષ્ય છું. એમની આજ્ઞા છે કે કોઈની પણ વસ્તુ લેવાય નહીં, ખોટો રૂપિયો લેવાય નહીં; એટલે જ તમને આ રૂપિયા પાછા આપવા આવ્યો છું.'

મેનેજર એટલા બધા રાજી થઈ ગયા કે એમણે પેંડા મંગાવ્યા. મને આપ્યા. મેં મારી સાથેની ઠાકોરજીની મૂર્તિને ધરાવીને એમને પ્રસાદીના કરીને આપ્યા. પછી સૌએ એ પ્રસાદીના પેંડા ખાધા.

મેં મેનેજર સાહેબને કહ્યું હતું : 'સાહેબ, અમે તો રૂપિયાથી નહીં, સત્સંગથી સુખી છીએ.'

અને વાત એમ જ છે. મને ૧૯૮૬થી સત્સંગના કાર્યકરની સેવા મળી છે. ૧૯૮૫થી અમારી આજુબાજુનાં આદિવાસી ગામોમાં સત્સંગ કરાવવા જતો ત્યારે ચાલીને જતો. ૮-૧૦ કિ.મિ. ચાલતાં ચાલતાં સત્સંગ કરાવવા જવાનો આનંદ આવતો. '૯૨-'૯૩ પછી સાઇકલ આવી, અને હું ત્યારે નિરીક્ષક બન્યો, એટલે સાઇકલ ચલાવીને ૧૨-૧૩ કિ.મિ. સત્સંગ કરાવવા જઈએ. વચમાં ક્યારેક વાઘ-રીંછ પણ મળે, પણ 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ' બોલતાં બોલતાં નીકળી જઈએ. સ્વામીબાપાની કૃપાથી હમણાં વળી મોટરસાઇકલ લીધી છે. એટલે ૧૬-૧૭ કિ.મિ. દૂર સત્સંગ કરાવવા જાઉં છું. પણ આ સત્સંગમાં જે સુખ અને આનંદ આવે છે, એવું બીજે ક્યાંય નથી. સ્વામીબાપાએ કહ્યું હતું કે 'તમે પ્રામાણિકતા અને નીતિથી મજૂરી કરશો તોપણ સુખી થશો, વ્યસન છોડીને ભક્તિ-સત્સંગ કરશો તો સુખી થશો.' એમણે એ જ્ઞાન આપ્યું છે એના પ્રતાપે આજે સુખ લઈએ છીએ ને આનંદ કરીએ છીએ. આ છે, અમ આદિવાસીઓની જીવનઘડતરની ગાથા. પ્રમુખસ્વામી મહારાજના દિવ્ય આશીર્વાદની, તેઓની નિઃસ્વાર્થ સ્નેહની, સંતોની પવિત્ર કૃપાની ગાથા.' ◆

# સદ્‌ગુણ-સાગર પ્રમુખસ્વામી વંદન કરીએ શિર નામી...

## આ સાધુતાના સાગરને નિરખું છું, ૧૯૫૧થી...

### સાધુ કેશવજીવનદાસ (મહંતસ્વામી)

**સાધુતા એ માત્ર કોઈ વેશભૂષા નથી. એ તો એક ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ છે.**
**વસ્ત્રો ભગવાં કરવાનું તો પહેલાં અને આજે પણ સરળ રહ્યું છે.**
**પરંતુ હૈયું ભગવું કરીને, સાધુતાને રોમરોમમાં પચાવીને, ભગવાન સાથે એકતાર થઈ જવાનું દુર્ગમ અને દુર્લભ છે.**
**ક્યારેક એમ લાગે છે કે, કળિયુગમાં એવી સાધુતાની ઝાંખી પણ મળવી દુર્લભ છે.**
**પરંતુ**
**પ્રમુખસ્વામી મહારાજનું દર્શન અને તેમનો સત્સંગ કરતાં અનુભવાય છે કે,**
**સનાતન હિંદુ ધર્મ અને જગતના ધર્મોએ જેને સાધુતાની ચરમસીમા કહી છે, તે આ મહાપુરુષ છે.**
**સાધના કરીને નહીં, જન્મજાત તેમનામાં એ સાધુતાની મહેંક મહેંકી છે.**
**પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વામિનારાયણે મોક્ષના દ્વાર સમાન ગુણાતીત સત્પુરુષનાં લક્ષણો વર્ણવીને સાધુતાનું શિખર બતાવ્યું છે.**
**પ્રમુખસ્વામી મહારાજ એટલે સાધુતાનું એવું શિખર, જેમના શરીર પર ખુદ ભગવું વસ્ત્ર સાર્થકતા પામે છે.**
**એમની સાધુતા એટલે સદ્‌ગુણોનો સાગર.**
**પ્રમુખસ્વામી મહારાજના સહવાસમાં છેલ્લાં ૫૦ કરતાંય વધુ વર્ષોથી રહીને તેમને નિકટથી જોનારા વરિષ્ઠ સંતોને પૂછવામાં આવ્યું :**
**'૫૦ વર્ષ પહેલાં આપ પ્રમુખસ્વામી મહારાજને પહેલી વખત મળ્યા, ત્યારે તેઓ ગુરુપદે નહોતા, તે સમયે પણ અને આજે પણ**
**તમે તેઓને નીરખો છો. જગતના માંધાતાઓની સતત સન્માનવર્ષા વચ્ચે પ્રમુખસ્વામી મહારાજ;**
**અને તેમના પ્રચંડ પુરુષાર્થથી સંસ્થાનાં જગપ્રસિદ્ધ કાર્યો સાથે સતત વધતી જતી વિશ્વવ્યાપી ગરિમા,**
**એ આજની પરિસ્થિતિ છે. આ બે અંતિમો વચ્ચે પ્રમુખસ્વામી મહારાજની**
**સાધુતા આપને કેવી અનુભવાય છે ?' પ્રત્યુત્તર રૂપે,**
**૫૦ કરતાંય વધુ વર્ષોના સ્વામીશ્રી સાથેના અનુભવોને અને રગેરગમાં નીતરતી તેમની સાધુતાને એ વરિષ્ઠ સંતોની કલમે માણીએ. કેટલાક સંતોના અનુભવો**
**આ અંકે અને અન્ય અનુભવો ભવિષ્યમાં માણીશું...**
**વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજને ૮૯મા જન્મજયંતી દિને કોટિ કોટિ વંદન સાથે**
**એ સાધુતાના ને સદ્‌ગુણોના અમાપ સાગરનું અલ્પ આચમન કરીએ...**

સને ૧૯૫૧ની આ વાત છે.

તે સમયે મારી ઉંમર ૧૬ વર્ષની હતી. એક બાજુ શાસ્ત્રીજી મહારાજના પ્રભાવ હેઠળ પહેલેથી જ વડીલો દૃઢ સત્સંગી. બીજી બાજુ મારે અંગ્રેજી સ્કૂલ(જબલપુર), ખ્રિસ્તી શિક્ષકો અને તે પણ બધા જ અંગ્રેજ. તેથી મારે કોઈ મોટા ભારતીય સંતો કે મંદિરોનો સંસર્ગ થયેલો નહીં. શાસ્ત્રીજી મહારાજ અને યોગીજી મહારાજનાં ગુણગાન ઘરમાં ગવાય ખરાં, પણ અન્ય બાવાઓ જેમ તેમને ગણી કાઢેલા.

એવામાં અચાનક એક દિવસ સમાચાર આવ્યા : 'શાસ્ત્રીજી મહારાજ ધામમાં ગયા છે !' બધાં જ સંબંધીઓ સારંગપુર જવાના હતા. આખું ઘર, અરે ! (આણંદની) આખી ખડકી ખાલીખમ થઈ રહી હતી. આથી મારે નહોતું જવું તો પણ સારંગપુર જવું પડ્યું. હું પહોંચ્યો ત્યારે શાસ્ત્રીજી મહારાજના અગ્નિ-સંસ્કાર થઈ ચૂક્યા હતા. તે પછી ગઢડામાં પ્રતિષ્ઠા હતી. સૌની સાથે હું પણ ઊપડ્યો. હું સ્વાભાવિક રીતે જ નિરુત્સાહ હતો.

આવી વિપરીત મનોદશા સાથે ગઢપુરમાં પ્રતિષ્ઠાને આગલે દિવસે પ્રમુખસ્વામી મહારાજ સાથે મારી પ્રથમ મુલાકાત થઈ.

એમની ઉંમર તે સમયે ૨૯ વર્ષની, મારી ઉંમર ૧૬ વર્ષની... આણંદના મોતીકાકા(મોતીભાઈ ભગવાનદાસ)એ પ્રમુખસ્વામી સાથે મારી ઓળખાણ કરાવી. મુંડન પહેલાંના ઘટાદાર કાળા ભમ્મર વાળ, ચપળ અને પારદર્શક નિર્દોષ આંખો, ઝડપથી આંખોના થતા પલકારા... સૌમ્ય, ગોળ મુખારવિંદ... પાતળી કેડ... પાતળા હતા તેથી ઊંચા લાગતા હતા. સ્વામીશ્રીની એ વખતની મૂર્તિ હજી યાદ આવે છે. શરીર થોડું શ્યામ હતું. નાસિકાના અગ્ર ભાગે લાલ આછાં ચાઠાં દેખાતાં હતાં. સ્વામીશ્રી મારી સાથે હિંદીમાં વાત કરતા હતા. એમણે શું પૂછ્યું ને મેં શો જવાબ આપ્યો એ બિલકુલ યાદ નથી. પરંતુ પ્રથમ દર્શને જ આકર્ષણ જરૂર થયું હતું. સંકલ્પો જાણે બંધ થઈ ગયા હતા ! તેઓ મને ઓળખતા હોય તેમ લાગ્યું. સ્વામીશ્રીને હું પણ ઓળખતો હોઉં તેવું લાગ્યું !! સ્વામીશ્રીની નિકટમાં આવતાં થોડી ક્ષણોમાં જ અદ્‌ભુત અને દિવ્ય અનુભવ થયો. વૈશાખની લૂમાંથી ઊંચકાઈને હિમાલયની ગુલાબી ઠંડકમાં મુકાયો હોઉં એવી ટાઢક થવા લાગી. ત્યાં તો એક મોટા હરિભક્ત આવ્યા, સ્વામીશ્રીને તેમની સરભરામાં જવાનું થયું. પલકારામાં તેઓ સ્મિત કરતાં જતા રહ્યા. કોઈએ કીંમતી વસ્તુ આંચકી લીધી હોય તેમ હું હેબતાઈ ગયો. આજુબાજુ હજારો લોકો હતા, બૂમાબૂમ અને કલશોર હતો, પણ છતાં

હું એકલો પડી ગયો હતો...

આજે સમજાય છે કે સ્વામીશ્રીનું કેવું વ્યક્તિત્વ હતું - એ સમયે ! પ્રભાવ પાડી દેવો, આંજી નાખવા, એવું કાંઈ જ નહીં. સીધા, સાદા, સરળ, નિખાલસ! છતાં હું અંજાઈ ગયો. મને તે સમયે થયેલું : 'વાહ ! આ સાધુ સાચા !' એ છાપ આજ સુધી વિકસતી ગઈ છે. હૈયાના ઊંડાણમાં તેવી અનુભૂતિ થતી રહી છે.

સૌપ્રથમ વાર મને સાધુ થવાની વાત જો કોઈએ કરી હોય તો એ પ્રમુખસ્વામી હતા.

૧૯૫૧, અટલાદરામાં કૃષ્ણાષ્ટમીના ઉત્સવ પછી યોગીજી મહારાજથી છૂટા પડીને અમે યુવકો પોતપોતાના ઘરે જવા રેલવે સ્ટેશને આવ્યા. સવારની ટ્રેઈન હતી. શ્રાવણ વદ ૧૧નો દિવસ હતો. સ્વામીશ્રી પણ જોડના સાધુ સાથે અમદાવાદ જઈ રહ્યા હતા. બધા જ યુવકો જગ્યા મળી તે ડબ્બામાં ચડી ગયા. હું દોડીને સ્વામીશ્રી સાથે જ થર્ડ ક્લાસના ડબ્બામાં ચડી ગયો. સ્વામીશ્રી અને જોડના સંત સાથે હું એકલો યુવક હતો. સ્વામીશ્રી બહુ રાજી થયા, ટ્રેઈન ઊપડી. સ્વામીશ્રી મને અભ્યાસ અંગે પૂછવા લાગ્યા. પછી એકદમ પૂછ્યું : 'ગળામાં કંઠી છે ?'

કંઠી હતી નહીં. સ્વામીશ્રીએ મને હેતથી સમજાવ્યું ને કહ્યું : 'યોગીબાપા પાસે પહેરી લેજો.' એવામાં તો જોડના સંતે સ્વામીશ્રીના હાથમાં કંઠી આપી દીધી, તે સ્વામીશ્રીએ મને પહેરાવી. પછી ધીરે ધીરે વાતનો દોર આગળ ચાલ્યો. સ્વામીશ્રી તૂટીફૂટી હિંદીમાં એકધારું બોલ્યે જતા હતા. વાતવાતમાં કહે, 'તમે સાધુ બની જાવ. બહુ સેવા થશે.' એમ કહી વાતો શરૂ કરી. એમાં આગ્રહ નહોતો, આજ્ઞા નહોતી. બસ, સંસારનાં દુઃખોનું, ભગવાનના અને ગુરુના સુખનું સચોટ વર્ણન હતું. સ્વામીશ્રી એવી રીતે વર્ણવતા હતા કે પસંદગી મારે કરવાની હતી.

સ્વામીશ્રીએ જે મીઠાશથી, નમ્રતાથી, પ્રેમથી વાતો કરેલી તેનાથી મને નવી જ દિશા મળેલી. બહુ જ શાંતિ થયેલી... આ પછી સાધુજીવન જીવવા માટેની મારી સુષુપ્ત અભિલાષા જાગ્રત થવા લાગી...

થોડી વારે સ્વામીશ્રીએ યોગીબાપાના મહિમાની વાતો ઉપાડી. ત્યારે તો એટલી ટાઢક થયેલી કે એમ જ થયું કે જાણે સ્વામીશ્રીએ મને પોતાના ખોળામાં લઈ લીધો હોય ને શું ! આમ, ધરબી ધરબીને જીવમાં મહિમા ઉતારી રહ્યા હતા. સ્વામીશ્રી એક નિરાળા-અસલી સાધુ લાગતા જ ગયા... લાગતા જ ગયા...

ઉનાળુ વેકેશન કે દિવાળીની રજાઓ પડતી ત્યારે યુવકો બાણમાંથી તીર છૂટે તેમ યોગીજી મહારાજની પાસે દોડી જતા.

આવા એક વિચરણમાં હું યોગીજી મહારાજ સાથે પેટલાદ ગયો હતો. ભાદરણવાળા ભાઈલાલભાઈના ઘરે ઊતર્યા હતા. સાથે મોટાસ્વામી તથા પ્રમુખસ્વામી પણ હતા.

એ જ દિવસે સાંજે સ્વામીશ્રીને જોડના સંતની સાથે અમદાવાદ જવાનું થયું. યોગીજી મહારાજની આજ્ઞાથી હું તેમની સાથે જોડાયેલો. અમે ત્રણે આંબલીવાળી પોળમાં આપણું નાનું મંદિર હતું ત્યાં ઉતારે આવ્યા. અહીં કોઠારી તરીકે બબુભાઈ સોમનાથ હતા. તેમને સંસ્થાનું મમત્વ ઘણું, વળી કરકસરિયો જીવ, તેથી રસોઈનું સીધું પણ માપમાં જ આપે. સ્વામીશ્રી તો રાજી થતા. સ્વામીશ્રી જાતે જ રસોઈ બનાવે. કોણ જાણે સ્વામીશ્રીએ કેવી રીતે જાણી લીધું હતું કે મને રોટલીમાં વધુ રુચિ છે, હું ભાત ખાતો નથી. આથી સ્વામીશ્રી રોજ પોતાના ભાગની રોટલી મને આપી દેતા ! તેઓ માત્ર દાળ-ભાત જમી લેતા. ઘી બધું રોટલી પર ચોપડી દે. પોતાના માટે કશું રાખે નહીં. આ બધી વાતની મને જરા પણ જાણ થવા દીધી નહોતી. તે સમયે નાની ઉંમર એટલે મને પણ ભૂખ બહુ લાગે. બીજી બાજુ શરમ પણ આવે. સહેજે માગવા-કરવાની બાધા. પણ સ્વામીશ્રીએ સામેથી અંતરાય તોડ્યો ! હું જેટલું જમું તેટલું પીરસતા જ રહે ! સ્વામીશ્રી માટે કંઈ વધે છે કે કેમ એ જોવાની મને સૂઝ પણ નહીં. ખરેખર ! આવો નિખાલસ, દિવ્ય, સાધુતાભર્યો પ્રેમ આજે સાંભરે છે. એ પાતાળ ઝરો આજે પણ વણખૂટ્યો વહ્યા કરે છે.

એવા એક પ્રસંગે યોગીજી મહારાજ ભાવનગર પધાર્યા હતા અને મને સ્વામીશ્રી સાથે અમદાવાદ રહેવાની આજ્ઞા કરી હતી. તે સમયે સ્વામીશ્રીને અમદાવાદથી અટલાદરા (વડોદરા) જવાનું થયું. હું યુવક તરીકે સેવામાં સાથે હતો. સ્વામીશ્રીએ ટ્રેઈનમાં બેઠક લીધી, પણ નિયમ-ધર્મની મર્યાદા સચવાય તે માટે સ્વામીશ્રી વધારે સારી બેઠક ક્યાં મળે તેમ છે, તેની તપાસ કરવા ઊતર્યા. મને કહે : 'તમે બેસો.' થોડી વારે આવ્યા ને કહે : 'ચાલો, આગળ સારી જગ્યા છે.' એમ કહેતાં એમણે પોતાનું પોટલું લીધું ને હું પણ તેમની પાછળ ચાલવા લાગ્યો !

કોણે જગ્યા શોધવાની હતી ? મારે કે સ્વામીશ્રીએ ? પણ ગુરુએ સેવકધર્મ બજાવ્યો ! યોગ્ય જગ્યાએ અમે ગોઠવાઈ ગયા. એવામાં સ્વામીશ્રીએ મને પૂછ્યું : 'તમારી થેલી ક્યાં ?' થેલી તો હું પેલા ડબ્બામાં ભૂલી જ ગયેલો ! હું મૌન રહ્યો. ને હજુ તે લેવા ઊભો થાઉં તે પહેલાં તો સ્વામીશ્રી કશું જ કહ્યા વિના મારી થેલી લેવા ઊપડી ગયા ! ગાડી ઊપડવાનો સમય થઈ ગયો હતો. ગિરદી એટલી હતી કે સ્વામીશ્રીને ઉપવાસ પડવાનો ભય પૂરેપૂરો હતો. પણ સ્વામીશ્રી થોડી ક્ષણોમાં તો થેલી લઈને આવી ગયા ! હું હતો તો ૧૭ વર્ષનો, પણ મારી બે વર્ષના બાળકની જેમ સંભાળ રાખી. તેમણે મને કશું જ કહ્યું નહીં. સલાહ-સૂચન પણ નહીં કે 'ધ્યાન રાખવું... પોતાનો સામાન તો સાચવવો જોઈએ ને !' હું તો તે સમયે એમની સેવા માટે સાથે મુકાયેલો. તેને બદલે તેમણે મારી સેવા કરી ! ગુરુ જ સેવકની સેવા કરે, ધ્યાન રાખે તે કેવી અવળી ગંગા ! મારી સેવા કે દેખરેખથી શું એમની પ્રસિદ્ધિ થવાની હતી ? કે બીજો કોઈ લાભ મળવાનો હતો ? એમને તો મારા જેવા કેટલાય યુવકો હતા ! પણ આ નાતો તો કેવળ આત્મીયતાનો !

આવા અનેક સદ્‌ગુણોથી ભરેલી સ્વામીશ્રીની સાધુતાએ મારા હૈયે એક અમીટ છાપ પાડી દીધી. ૧૯૮૩માં સ્વામીશ્રીને હૃદયરોગનો ગંભીર હુમલો થયો તે જ દિવસે અમે બધા ચાલુ વિચરણે સુંદલપુરા ગામે સ્વામીશ્રીની ખબર જોવા આવ્યા હતા. સ્વામીશ્રી એ સમયે માંદગીને બિછાનેથી સંતોને બોલાવીને મારી ચિંતા કરવા લાગ્યા હતા : 'મહંત સ્વામી આવ્યા છે, તેમને માટે મગ કરી આપજો...'

જ્યારે જ્યારે હું સ્વામીશ્રીનાં દર્શન કરું છું, ત્યારે ત્યારે એ જ દેખાઈ આવે છે કે એમણે પોતાના બદલે હંમેશાં બીજાનું જ વિચાર્યું છે. પોતાના શરીરના કૂચા બોલાવી નાખ્યા છે. મને થઈ જાય છે કે આપણે એમને માટે શું કરીએ છીએ ? કાંઈ જ નહીં. હું ઘણી વાર દેશ-વિદેશમાં પધરામણી અને વિચરણમાં એમની સાથે રહ્યો છું. બધાને સ્વામીશ્રીને જ મળવું હોય ! કેટલાય પોતાના જીવનના પ્રશ્નો-ફરિયાદો-તકલીફો ઠાલવે. બધી જવાબદારી એમના શિરે ! દૈહિક અને માનસિક બંને ભીડા તેમણે વેઠવાના ! વિચિત્ર માણસો, જડ અને દાવો કરનાર પણ આવે. હક જમાવનાર અને ફરજ પાડનાર પણ આવે.

આપણા શબ્દોમાં કહીએ તો ત્રાસ જ લાગે. સંતો-હરિભક્તોની જવાબદારી, સંસ્થાકીય વહીવટની જવાબદારી, દરેકનું મન સાચવીને કામ કરવાનું. રાત હોય કે દિવસ, ગમે તેવી તબિયત હોય કે ગમે તેવી ઋતુ હોય, પ્રવૃત્તિઓ તો એકધારી ચલાવ્યા જ કરવાની ! એમાં ગામોગામ ને ઘરોઘર એમનું દિવસ-રાત બારે મહિના વિચરણ ચાલું હોય ! કેટલો ભીડો - કેટલી મુશ્કેલીઓ હસતાં હસતાં સહી લે ! આવું તો કેટકેટલુંય આંખ સામે તરવરે છે. એ વિચાર કરતાંયે ધ્રુજી જવાય... છેલ્લા કેટલાય સમયગાળામાં, સંપ્રદાયમાં કે સંપ્રદાય બહાર, વિપરીત સંજોગોમાં ને મુશ્કેલીઓમાં આવો ભીડો વેઠનાર બીજા કોઈ નહીં હોય કે ભવિષ્યમાં પણ કોઈ વેઠશે નહીં !

વડોદરા પાસે બામણગામના વિચરણની વાત યાદ આવે છે. અહીં ખોરડે ખોરડે સ્વામીશ્રી લોકોના ઘરે ઘૂમ્યા છે. એકવાર વૈશાખ મહિનાના સખત તાપમાં સ્વામીશ્રી બપોરે ત્રણ વાગે પધરામણીઓ કરી રહ્યા હતા. વિચરણમાં હું સાથે હતો. એ ગામ ઊંચાણ-નીચાણના ઢોળાવોવાળું છે. પધરામણીઓમાં ઢોળાવો ચઢવા-ઊતરવામાં કસ નીકળી જતો. સ્વામીશ્રી એક ટેકરો ચઢી રહ્યા હતા. તેમને હાંફ ચડ્યો હતો. પગની પિંડીઓમાં કળતર થતું હોય તેવું મને લાગ્યું. એટલે મને દયા આવી, આટલો ભીડો શા માટે ? હવે એમણે આરામ કરવો જોઈએ...

ત્યાં તો તરત સ્વામીશ્રીએ મારી સામું જોયું ને જરા હસ્યા. મને થયું : આ કાંઈ હસવાની વાત છે ? એવામાં સ્વામીશ્રી કહે : 'અહીં બધે યોગીબાપાએ પધરામણી કરેલી છે !!'

હું ચકિત થઈ ગયો. ક્ષણે ક્ષણે એમણે પોતાના ગુરુને જ નજર સમક્ષ રાખ્યા છે, પોતાને ક્યારેય નહીં, એમને રાજી કરી લેવાનો જ એમનો વિચાર છે. પોતાના દેહની કોઈ દયા જ નથી ! સ્વામીશ્રીએ બીજાનું ભલું કરવા પોતે ભીડો વેઠ્યો. પોતાના વર્તનથી સૌને રાજી કર્યા. પ્રેમ અને વર્તનનો અલૌકિક જાદુ તેમનામાં સહેજે જોવા મળે. વિરોધીઓની પણ સેવા કરી છે - ક્યારેક ક્યારેક નહીં, એકધારી - એક જ ભાવથી ! તેઓ ઘસાઈ છૂટ્યા છે, જે કાંઈ સ્વાસ્થ્ય હજુ ટકી રહ્યું છે, તે પણ હજુ ભક્તોને માટે ઘસી નાખવું છે. ઘણી વાર આપણને લાગે છે કે તેમને દેહ છે કે નહીં ?

સારંગપુરમાં ક્વિઝના એક કાર્યક્રમમાં સ્વામીશ્રીને પૂછ્યું હતું : 'આપને શું થવું ગમે ?'

સ્વામીશ્રી ધાણી ફૂટે તેમ બોલ્યા હતા : 'સેવક !'

હા, સ્વામીશ્રી સદાના સેવક રહ્યા છે. ક્યારેય 'હક' (Rights) માટે મકર સરખો કર્યો નથી, ફરજ ઉપર જ ગયા છે. ફરજને જ પોતાનો હક માને છે અને આનંદ લૂંટે છે. તેથી જ તેમને ક્યારેય થાક, આળસ કે કંટાળો કાંઈ જ નથી ! હળવા ને હળવા !

આ લખું છું એ નક્કર અનુભવેલી હકીકત છે... જેના લાખો હરિભક્તો સાક્ષી છે. એમણે વેઠેલો ભીડો એ ભવિષ્યની પેઢી માટે તો કલ્પના કે દંતકથાનો વિષય બની રહેશે. એમની સાથે મારે છેલ્લાં ૬૦ વર્ષનો સંપર્ક છે. તેમનો લાભ લઈએ છીએ. તેમાં અવશ્યપણે અનુભવ્યું છે કે સ્વામીશ્રી અસલી સંત છે. નિરાળા સાધુ છે. એમના અનંત ગુણો કેળવેલા કે મેળવેલા નથી. શીખેલા કે જાણેલા નથી. પોતે પણ ઘડાઈ-ઘડાઈને ગુણિયલ થયા તેવું નથી. એમને ભગવાનનો અખંડ અને અનાદિ સંબંધ છે. એટલે જ તેઓ સર્વ સદ્ગુણોનું નિવાસસ્થાન છે.

સૌથી અગત્યનું અને આંખે ઊડીને વળગે એવું સ્વામીશ્રીનું જો કોઈ પાસું હોય તો તે છે પંચવર્તમાનની દૃઢતા. વર્ષોથી જોઉં છું, તેમની એક રહેણીકરણી...

એક રહેણીકરણી અને પંચવર્તમાનમાં દૃઢતા એ વર્તનનું પહેલું મહત્ત્વનું પાસું છે. અને બ્રહ્મરૂપે રહી પરબ્રહ્મની ઉપાસના કરવી એ બીજું મહત્ત્વનું પાસું છે. સ્વામીશ્રી પાસે બંને પાસાં ઝળહળતાં છે ! ક્યાંય ડાઘ નથી, કલંક નથી, દેહભાવ જ નથી, અને આ જ સૌથી મોટું વર્તન છે. એમનો આત્મભાવ જોઈને આપણને પ્રેરણા મળે કે દેહ સાચવવા જેવો નથી ! ભગવાન અને ભક્તો માટે ખપી જવા જેવું છે. એમના જીવનથી આપણું જીવન ઘડાયા કરે છે. જે પુસ્તકો કે પોતાના બળથી નથી થતું તે સ્વામીશ્રીને જોવામાત્રથી થાય છે. કારણ કે સ્વામીશ્રી શુદ્ધ છે, નિર્મળ છે, નિષ્કલંક છે.

બીજું, વર્ષોથી અમે જોતાં આવ્યા છીએ, ધર્મધુરા સંભાળી ત્યારથી આજ સુધી એમની આટલી પ્રવૃત્તિમાં એમનો આદર્શ ક્યારેય બદલાયો નથી. એમનો આદર્શ છે – આત્મારૂપ થઈ ભગવાનની ભક્તિ કરવી. ગુરુ શાસ્ત્રીજી મહારાજ અને યોગીબાપાને રાજી કરવા. આજે કેટલાય ધર્મનેતાઓને જોઈએ છીએ, દર વર્ષે - ક્યારેક તો દર છ મહિને ગુરુની ફિલોસૉફી અને પ્રાયોરિટી બદલાયા કરે... સિદ્ધાંતો અને નિયમો બદલાયા કરે... સ્વામીશ્રી પાસે ધ્યેયની આટલી સ્પષ્ટતા અને એકસૂત્રતા વ્યવહારમાં એમના અનુયાયીઓને પણ સલામતી બક્ષે છે. ધ્યેય હાંસલ કરવામાં મદદરૂપ બને છે. તેમણે આધ્યાત્મિકતાને સાંગોપાંગ રોમરોમમાં ઉતારી છે.

દેશ-વિદેશના મહાન ધર્મગુરુઓ - સંતો, વિદ્વાનો, ઉદ્યોગપતિઓ, વિજ્ઞાનીઓ અને વિશ્વના સત્તાધીશો-ધુરંધરો સાથે તેમની મુલાકાતો થતી રહે છે. દરેક મહાનુભાવ સ્વામીશ્રી સાથેની મુલાકાતમાં કંઈક અદ્ભુત અનુભવ કરે છે. એ અનુભવો આશ્ચર્યકારક રીતે મળતા આવતા હોય છે ! જાણે કે આ બધા મહાનુભાવોએ મુલાકાત પછી એક મિટિંગ કરીને સ્વામીશ્રી વિષે ચર્ચા કરી ન હોય ! જુદાં જુદાં ક્ષેત્રોના, જુદા જુદા સમયે, સ્વામીશ્રીને મળેલા જુદા જુદા અનુભવો વાળા મહાનુભાવો સ્વામીશ્રી પાસે તો એક સરખો જ અનુભવ કરે છે ! આમ બનવાનું કારણ એ છે કે સ્વામીશ્રીના ગુણો માયિક નથી, દિવ્ય છે.

લોકો પૂછે છે : 'આપની સાધના કઈ ?'

સ્વામીશ્રી જવાબ આપે છે : 'ભગવાન રાખ્યા છે, ને લોકોને ભગવાનને માર્ગે ચડાવીએ છીએ એ !'

બહુ સાદી વાત છે એટલે સમજાતી નથી. આટલા મોટા-બહોળા વ્યવહારમાં વર્તન ને સ્વભાવો અથડાય જ; વ્યવહાર અને આધ્યાત્મિકતા, સાધુતા બંને જુદા જુદા છેડાના અંતિમો છે. તે ભેગાં થાય જ કેવી રીતે ? આ શંકા સ્વામીશ્રીને - તેમના જીવનને જોયા પછી જતી રહે છે.

સ્વામીશ્રીને ક્યારેય એકાંત હોતું નથી. સદાય પ્રવૃત્તિના હલ્લા ચારેબાજુ દેખાયા કરતા હોય છે. આ બધાની વચ્ચે પણ સ્વામીશ્રીની એક શાંત-નિરાળી આધ્યાત્મિક છબિ ઉપસતી રહી છે. આટલો વ્યવહાર હોવા છતાં સ્વામીશ્રી ક્યારેય વ્યવહારમય લાગ્યા નથી !

વહેવારિયા લોકોને એક ટેવ પડી જાય છે shouting ની. પોતાનું અસ્તિત્વ બતાવવા માટે તેમને બૂમાબૂમનો આશરો હોય છે. મને યાદ છે કે યોગીબાપાના અમૃત મહોત્સવ વખતે સ્વામીશ્રીએ એકલે હાથે બધા જ વિભાગોને સંભાળેલા, પણ ક્યારેય પોતે ઊભરાઈ ગયા નહોતા. અમે યોગીબાપા

સાથે છેલ્લી વિદેશયાત્રા કરી ભારત આવ્યા ત્યારે બધાં જ શહેરો-ગામોમાં સંતો-હરિભક્તોની ગાડીઓની તેમજ બેઠક વ્યવસ્થા પણ સ્વામીશ્રી જ સંભાળતા. આટલા ગૂંચવાડાવાળા અને એકધારા કામમાં સ્વામીશ્રીને ક્યારેય કંટાળેલા નથી જોયા. બિલકુલ ધીર-સ્થિર. બીજા અમથા બૂમો પાડતા હોય. આપણને લાગે કે આ જ વ્યવસ્થાપક હશે ! પણ શાંત રહીને કામ કરવાની કુશળતા સ્વામીશ્રીની સાધુતાને વધુ ઝળહળતી બનાવે છે.

સ્વામીશ્રીનાં અનેક રૂપોમાં અધ્યાત્મ પ્રગટે છે. સંતો-ભક્તો સાથે એમને રમૂજની છોળો ઉડાડતા જોયા છે. બાળકો સાથે હળવોફૂલ વાર્તાલાપ સાંભળ્યો છે, સખત ટૅન્શન અને ચિંતા ઊભી થઈ જાય તેવા સંજોગોમાં ભગવાનને સર્વ કર્તાહર્તા સમજીને વગર ચિંતાએ અતિ અગત્યના નિર્ણયો લેતા જોયા છે. અત્યંત મૃદુ વાણીથી એમના અંતરનાં અમૃત ચાખ્યાં છે. આ બધું શું બતાવે છે ? તેઓ કોઈના ઠરાવ્યા ઠર્યા નથી. અંતર જ જેમનું અરોગી છે, રાગદ્વેષથી રહિત છે, ત્રિગુણથી પર છે, તેવા મહાપુરુષને તો ભગવાન સામેથી વશ વર્તે. કોઈ ધારણા નહીં, યોગનાં કોઈ અંગ નહીં, તો પણ સ્વામીશ્રી યોગી છે !

સ્વામીશ્રીની આ અલગારી-અવધૂત સ્થિતિ છે. વ્યવહારમાં કોઈ એમની બરોબરી કરી શકે તેમ નથી એવું જણાય, પણ તરત બ્રહ્મરૂપે વર્તતા જોઈએ ત્યારે એમ જણાય કે સ્વામીશ્રી પરમ દિવ્ય આધ્યાત્મિક પુરુષ છે !

અક્ષરભવન, મુંબઈમાં એકવાર સ્વામીશ્રી એકધારા ત્રણ કલાક લોકોની માથાકૂટ ભરી સમસ્યાઓમાં બેસીને, બપોરે બહાર આવ્યા ત્યારે એમનાં અદ્‌ભુત દર્શન થયાં. કોઈ વ્યક્તિ ૧૦ કલાક આરામ કરી (નિદ્રા લઈ) સવારે જાગે ત્યારે કેવી તાજગી હોય ! તેવા સ્વામીશ્રી તાજા અને અતિ પ્રસન્ન દેખાયા.

સ્વામીશ્રી એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં સહેલાઈથી સરકી જતા હોય છે. વચ્ચે આરામ, પોરો કે હાશ નહીં ! પોતાના અંગત લાભની વાત જ નહીં. તે માટે તેમનો અવતાર જ નથી. છતાંય અંતરે તો આરામ.

અમેરિકામાં ૧૯૭૭માં એક વખત સતત ચાર દિવસના, આખી ને આખી રાતના ઉજાગરા ચાલુ મુસાફરીએ થયા હતા. રાત્રે ગાડીમાં બેઠાં બેઠાં પાંચસો પાંચસો માઈલ કાપવાના હોય. ડ્રાઈવરને ઝોલું ન આવે તે પણ સ્વામીશ્રીએ જોવાનું અને અખંડ માળા અને જાપ ચાલુ!! સ્થાને પહોંચતાંવેંત, સીધા નાહી-ધોઈને, પૂજા-આરતી, અલ્પાહાર કરી પધરામણીઓ ચાલુ થઈ જાય. જમ્યા પછી પણ પધરામણીઓ, આરામ તો ભાગ્યે જ મળે. પાંચમે દિવસે આટલા સખત ભીડા પછી પણ અમે સંતોએ નજરોનજર એમને જોયેલા છે, એકદમ હળવા અને તાજા! આળસ મરોડતા, બગાસાં ખાતા કે એવી રીતે નહીં! આવા સખત કષ્ટમાંય હળવાશ!

માણસની કમજોરી છે કે વહેવાર-પ્રવૃત્તિઓમાં જ્ઞાનની સાથે ભક્તિને વિસારે પાડતો જાય કે 'હવે માળા જ છે ને! સમજણ મુખ્ય છે.' સ્વામીશ્રીને મેં ખૂબ ખૂબ ભક્તિમાં તરબોળ જોયા છે.

પ્રાતઃપૂજા વખતે ખૂબ હળવા અને આનંદસભર હોય. પૂજામાં માનસી વખતે તો ભગવાન સાથે વાતો કરતા હોય ને શું! મુખારવિંદ ઉપર ખૂબ ઉત્સુકતા દેખાય. ઠાકોરજીનાં દર્શન, આરતીમાં પણ ખૂબ ખૂબ આનંદ લેતા હોય, એકાગ્રતાથી, પ્રેમભાવથી દર્શન કરતા હોય, ત્યારે બીજા સંતો-ભક્તો તેમની મૂર્તિમાં એકાગ્ર થઈ જાય એવો આનંદ બધાને આવે. પોતાની એકાગ્રતાથી બીજાને એકાગ્ર કરી દે. જમતાં-જમતાં, કથાવાર્તા કે વાંચન થાય. તેમાં પૂર્ણ એકાગ્ર હોય. અંતરની પૂર્ણ હળવાશ કે મનમાં શાંતિ વિના આવું અશક્ય છે !

સ્વામીશ્રીને ૨૪ કલાક - ક્ષણે ક્ષણ હળવાશ છે, કારણ કે ભગવાનના સુખમાં (મૂર્તિમાં) એમની સ્થિતિ છે. તેમની દરેક ક્રિયામાં અરે, સૂવામાં પણ પોતે અતિ તૃપ્ત, સંતોષપૂર્ણ દેખાય છે. બ્રહ્મની સ્થિતિ વર્તાય છે. હા, આવી સો ટચના સોના જેવી હળવાશ તો અસલી સાધુનો જ ઈજારો છે.

સ્વામીશ્રી પરમ એકાંતિક છે, રાગદ્વેષ, મારું-તારું જેવાં અનેક દ્વન્દ્વોથી પર છે. સ્વભાવ-પ્રકૃતિથી પર છે. એમની અંદરનું - એમની આજુબાજુનું વાતાવરણ ભગવાનથી પરિપૂર્ણ છે. અને એ જ એમના પરિચયમાં આવનારી વ્યક્તિ પર અને આજુબાજુના વાતાવરણ પર ઊંડી અસર પાડે છે. આ પારદર્શક સાધુતાથી જ એમણે અસંખ્ય લોકો પર પ્રભાવ પાથર્યો છે.

સ્વામીશ્રીને મળ્યું છે, તેટલું માન-સન્માન કોને મળ્યું હશે ? નાની ઉંમરે પ્રમુખપદ; માત્ર ૫૧ વર્ષની ઉંમરે ધર્મધુરા ધારણ કરી; વર્ષોવર્ષ ઊજવાતા 'શાનદાર' જયંતી મહોત્સવો; દેશ-વિદેશનાં અનેક શહેરોએ આપેલાં 'કિ ટુ ધ સિટી'નાં બહુમાનો; અને જગતનાં અનેક મહાનગરોથી લઈને ભારતમાં મહાનગર-પાલિકાઓ, નગરપાલિકાઓ કે તાલુકા પંચાયતોએ સામે ચાલીને તેમના સન્માન-સમારંભો યોજ્યા છે. એમની સુવર્ણતુલા અને પ્લેટિનમ તુલા દ્વારા ભક્તોએ પોતા ઉપરનું ઋણ ચૂકવવા પ્રયત્નો કર્યા છે. બ્રિટન અને કેનેડાની પાર્લામેન્ટે એમનું બહુમાન કર્યું છે. દેશ-વિદેશની જાણીતી હસ્તીઓએ તેમજ ભારતના વિદ્વાન અને મૂર્ધન્ય સંતોએ બે મુખે સ્વામીશ્રીનાં ગુણગાન તેઓની હાજરીમાં જ ગાયાં છે. આ બધું પચાવવું એ સહેલું છે ? અપમાન એ કદાચ કડવું હશે, પણ ઝેરી નથી. માન-બહુમાન એ ઝેર છે. અને તેનાં ઝેર ચડ્યાં હોય તેને કોઈ ઉતારી શકતું નથી. કોઈક ચિંતકે કહ્યું છે : Glory is a poison, that can be taken in small doses. – માપમાં મળેલાં માન-સન્માન પચે, પણ ઢગલે ઢગલા મળે તો છકી જવાય, અજીર્ણ થઈ જાય. એ સહેલાઈથી પચાવી શકાતાં નથી. પણ સ્વામીશ્રી આવાં સન્માનોના મેરુ જેવા ઢગલાને ગાયનાં પગલાંની જેમ વટાવી ચૂક્યા છે. કારણ કે તેઓ ભગવાનના સુખે સુખી છે. કોઈના હાથમાં એમણે પોતાની માન કે અપમાનની દોરી સોંપી નથી. ભગવાનને હાથ સોંપી છે, પછી એમનાં દર્શનમાત્રે પૂર્ણતાનો અનુભવ લોકોને થવા લાગે તેમાં શાની નવાઈ હોઈ શકે ?

હ્યુસ્ટનમાં પ્રવીણભાઈએ સ્વામીશ્રીને પૂછ્યું : 'આ સંતો આપની હાજરીમાં આપની આટલી બધી પ્રશંસા કરે છે, તેમ છતાં આપ અહંશૂન્ય કઈ રીતે રહી શકો છો ?'

સ્વામીશ્રી કહે : 'જે કાંઈ થાય છે, તે ભગવાનને લીધે છે. આપણે કરીએ તો અહં આવી જાય ને !'

પ્રવીણભાઈ કહે : 'આવો વિચાર ક્યારે આવે છે ?'

સ્વામીશ્રીએ તરત કહ્યું : 'એ વિચાર ટળતો જ નથી !'

પૃથ્વી ઉપર, ખાસ કરીને ભારત દેશમાં અવધૂત કોટીના યોગીઓ, ઋષિઓ, મહર્ષિઓ, યતિઓ અને સિદ્ધો થઈ ગયા છે. અદ્વૈતીઓ, ભક્તિપ્રધાન સંપ્રદાયોના સાધુ મહાત્માઓ-સંન્યાસીઓના અનેક પ્રકાર છે. બધાનો ધ્યેય પણ એક છે : ભગવાન મેળવવા. હા, દરેકના રસ્તા જુદા જુદા છે. બૌદ્ધ, શીખ,

પારસી, ઈસ્લામ, જૈન, ક્રિશ્ચિયન એમ બધાના સાધુઓ છે. બધાએ પરમેશ્વર, પરમ તત્ત્વ સાથે એકતા સાધવા રસ્તા લીધા છે. કેટલાકના રસ્તા અજાણ્યા છે, કેટલાક થોડે પહોંચ્યા છે, કેટલાક દિશમોડ થતાં ઊંધે જ રસ્તે છે, કેટલાકને ભ્રમ છે, કેટલાક થાકી ગયા છે, કેટલાક કંટાળી ગયા છે, કેટલાક આશા ગુમાવી પાછા કનક, કામિની, કીર્તિ, માન, મરતબામાં આવી ગયા છે. હા, થોડાક છે, જે કાંઈક પરમેશ્વરની નજીક આવી ગયા છે. આ દૃષ્ટિકોણથી ૬૦ વર્ષોથી સ્વામીશ્રીને નિકટતાથી જોઉં છું ત્યારે અંતરમાં પ્રતીતિપૂર્વક અનુભવ્યું છે કે તેઓ અનાદિસિદ્ધ સંત છે. જન્મજાત સાધુતાનું શિખર છે. ભગવાનના સૌથી નજીકના, સૌથી જૂના, અનાદિના સેવક છે.

ભારતીયોને સંતો પ્રત્યે સ્વાભાવિક આદર, મહિમા અને પૂજ્યભાવ રહે છે. લોકો તેમનું અનુકરણ કરે. તેમને કંઈક સમર્પણ પણ કરે... આ વૃત્તિનો કેટલાય ઢોંગીઓ - અસંતો ગેરલાભ ઉઠાવી સ્વાર્થ સિદ્ધ કરે છે. લોકો પણ સાચા-ખોટા વચ્ચે ભેદ પારખી શકતા નથી. ઉપરાંત પશ્ચિમની કેળવણી અને રહેણી-કરણીના અનુકરણથી ભૌતિકવાદ વધતાં સાચા સંતો પ્રતિ પણ આજના શિક્ષિત વર્ગને ઘૃણા અને સૂગ પેદા થઈ રહી છે.

સામે પક્ષે પ્રમુખસ્વામી મહારાજને જોઈ લો. આટલા મહાન છતાંય નિષ્કામી, નિર્લોભી, નિર્માની, નિઃસ્વાદી, નિઃસ્નેહી, અત્યંત નિર્લેપ, અસંગી, અત્યંત નિર્વાસનિક, કાંઈ પણ સ્વાર્થની અપેક્ષા વિના સમાજને દેહ કૃષ્ણાર્પણ કરી દીધો છે. છતાં હું કાંઈ જ કરતો નથી - એવી સહજ અહંશૂન્ય સિદ્ધિ !

૧૯૫૧થી સાધુતાના આ સાગરને નીરખું છું. મને તો એમ થયા જ કરે છે કે અમારાં કેવાં ભાગ્ય કે સ્વામીશ્રી જેવા ગુરુનો યોગ થયો ! આવા શ્રેષ્ઠ, દયાના સાગર, પવિત્ર, સર્વે દોષે રહિત, સર્વે ગુણે યુક્ત, આપણને સૌને ક્ષમા જ કર્યા કરે છે, નભાવે છે, પોષે છે, આગળ ને આગળ લઈ જાય છે.

એમને સંભારવામાત્રથી રોમાંચ થાય છે ! ◆